

₹ 10/- 1

# જીવનપથ




Vol. No. 18, Issue No. 1 (રૂા. ૧૦/- પ્રચાર અર્થે) Mumbai, 15th October 2025

Website : www.jeevanjyot.in Total 44 Pages E-mail : jeevan_jyot@yahoo.in



ॐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ।

'શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર... જય શ્રી જલારામ બાપા' સામાજીક લોકહિત ધરાવતું, બિનધંધાદારી મુખપત્ર 'જીવન જ્યોત®' કેન્સર રિલીફ ઍન્ડ કેર ટ્રસ્ટ'નું નજરાણું






## તસ્વીર બોલે છે ગાંધી જયંતિ ઉજવણીની







ગાંધીજીના સિદ્ધાંતોને વરેલી જીવન જ્યોત સંસ્થામાં સ્થપાયેલ ગાંધી મંદિરમાં ગાંધીજીની પૂજા કરી રહેલાં સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા).

ગરીબ નિરાધાર કેન્સરગ્રસ્ત દર્દીઓના અન્નક્ષેત્રમાં તથા જીવદયા અને ટોય લાયબ્રેરીમાં અનુદાન આપનાર અને આ અંકના સૌજન્યદાતા

**માતુશ્રી દેવકાબેન મુલજી કાનજી ગાલા અને શ્રીમતી નલિનીબેન વૃજલાલ ગાલાના સ્મરણાર્થે** - ગામ : દુર્ગાપુર (નવાવાસ) - અંધેરી

# તસ્વીર બોલે છે અનુકંપાદાનની



ઓછું સાંભળતી મહિલાને દાનવીર દાતાના સહયોગથી
કાનનું મશીન (શ્રવણ યંત્ર) આપવામાં આવ્યું.



અંધ કેન્સરગ્રસ્ત દર્દીને સંસ્થા તરફથી
નિઃશુલ્ક દવા આપવામાં આવી.

સ્થાપના : ૧૯૮૩

# જીવન જ્યોત®

## કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની બાજુમાં, પેટ્રોલ પંપની સામે,
જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.
ટેલી.: ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫

**જીવનપથ**

*પથદર્શક* : **સ્વ. ખેતશી માલશી સાવલા** (રાયણવાળા)

*સ્થાપક* :
**હરખચંદ કે. સાવલા** (બાડા)

**પ્રકાશકઃ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**

**બ્રાંચ ઓફિસો**

**જલગામ ઓફિસ**
શાહ રાઘવજી લાલજી સતરા (ગુંદાલા)
૧૦૯, પોલન પેઠ, જળગામ ૪૨૫૦૦૧.
મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦

**કલકત્તા ઓફિસ :**
**વિનેશ શેઠ (ગોપાલ)**
૫, ગ્રાઉન્ડ ફલોર, ખૈરૂ પ્લેસ,
કલકત્તા - ૭૦૦૦૭૨

**સાંગલી - કોલ્હાપુર**
મીના જેઠાલાલ મારૂ (હાલાપર)
મો. ૭૭૦૯૯૦૦૪૩૩

**નાલાસોપારા ઓફિસ :**
૧૨, લક્ષ્મી શોપિંગ સેન્ટર, રાધાકૃષ્ણ હોટલની બાજુમાં, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ)
**ખુશ્બુ ગાલા- ૮૯૨૮૭૬૫૩૦૧**

**જીવન જ્યોત મેડિકલ સેંટર,**
આર/૩, શ્રી સ્વામી સમર્થ સોસાયટી,
દાદોજી કોંડદેવ સ્ટેડિયમની સામે,
થાણે (વેસ્ટ), પીન -૪૦૦ ૬૦૧.

### જ્યાં પાના ફરે ત્યાં

તંત્રીની કલમે ........ ૫
ચિંતનના ચિદાકાશમાં ........ ૭
હઠ યોગની મુદ્રા - સર્વેન્દ્રિય મુદ્રા ........ ૯
બોધકથા - ન દેખતી આંખો ........ ૧૧
કંજૂસનું ધન ........ ૧૩
દિવાળીના દિવડા ........ ૧૪
મને અદ્ભુત શરીર આપનાર હે પરમેશ્વર!! ........ ૧૬
ફાલ્ગુની પાઠક - ગરબા ક્વીન ........ ૧૮
ગુરુ દક્ષિણા ........ ૨૧
ધીમે ધીમે વાંચજો ........ ૨૫
નવલકથા- 'કુંતી' ........ ૨૬
તુલજાપુર ભવાની મંદિર ........ ૩૦
વાનગી વિશેષ - મસુરની આમટી - પુલાવ ........ ૩૨
ખીચડી શરીરને બીનઝેરીકરણ (Detoxify) કરવાનું કામ કરે ... ૩૪
દીપાવલીનો સાચો મર્મ ........ ૩૬
મનની મોટાઈ ........ ૩૮
આપણા જીવન પ્રતિ જનસમાજની ધારણાઓ ........ ૪૧
ઉખાણાં ........ ૪૨

***જીવનપથ** દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.*
*(કાયદાકીય અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.)*

**હવે વેબસાઈટ ઉપર "જીવનપથ" વાંચી શકો છો. www.jeevanjyot.in**
★ ટ્રસ્ટ રજી. નં. P.T.R.E.-17259 (M) ★ F.C.R.A. 083780700
★ CSR Registration No. CSR 00002659
★ Donation Exe. U/S 80 G (S) of I.T. Act
obtained permanently vide No. TECH/MC.ME/80G/53
Email : jeevan_jyot@yahoo.in

ૐ અરિહંતે નમો નમઃ
*સંસારના પ્રત્યેક જીવની પ્રત્યેક પળ મંગલમય થાય એવી ભાવના મારી હર પળ હો...*

તંત્રીના ટેબલ પરથી.....

# नवीनं कर्तुमिच्छति मनः

અર્થાત્ મન હંમેશ કંઈ નવું કરવાની ઈચ્છા ધરાવે છે. કલ્પનાશીલ મનુષ્ય નિશ્ચિત માપદંડો પર ખરા ઉતરવાની મથામણને જીવનનું લક્ષ્ય માનવા કરતાં વૈશ્વિક સંદર્ભે નવસર્જન દ્વારા અદ્ભુતનો ઉમેરો કરે છે. સર્જનરત મનુષ્ય જ સમાજને કંઈક આપી શકે છે. વિશ્વના મહાન આવિષ્કારો ધરેડની બહાર કંઈક નવું વિચારવામાંથી જ થયા છે. સર્જન માટે આવશ્યક રચનાત્મક ક્ષમતા, વિશ્વાસ, સ્વતંત્રતા, સંભાવનાઓનો ઉદ્ભવ સમાજને મૌલિક અને અપૂર્વ પરિણામો આપે છે.

સર્જનહીનતા સમાજને જડતા તરફ લઈ જાય છે, સર્જનાત્મકતા પરંપરાને ગ્રહણ કરીને આગળનો રસ્તો બતાવે છે. આપણા સંબંધોને પોષક અને રચનાત્મક બનાવે છે. સમસ્યાના સમાધાનની દિશા દર્શાવે છે.

સર્જનાત્મકતા એટલે પોતાને મળવાની તક, એક એવી મુસાફરી જે આપણને પોતાની રુચિ, લાગણીઓ, કુશળતા, ક્ષમતા, મર્યાદા જાણવા, સમજવા, પરખવાની સંધિ આપે છે, આપણો આત્મવિશ્વાસ વધારે છે. સર્જનાત્મકતા એક એવી અસાધરણ શક્તિ છે જે આનંદ પ્રાપ્તિ સાથે સાથે માનવના ભીતર અને બાહ્ય જગતને સુંદર અને સમૃદ્ધ બનાવે છે.

■

## -: ખાસ નોંધ :-

**સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરી નિહાળી ગર્વમેન્ટ ઑફ ઈંડિયાની મિનીસ્ટ્રી ઑફ ફાઈનાન્સ તરફથી વિદેશથી અનુદાન સ્વીકારવાની વિશેષ મંજૂરી મળી છે. તો જે પણ દાતા અનુદાન આપવા ઈચ્છતા હોય તેઓ FCRAના બેંક એકાઉન્ટ નં. સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.**

**જાણવા મળ્યા પ્રમાણે કોઈક અજ્ઞાત વ્યક્તિ જીવન જ્યોત સંસ્થાનું નામ વાપરી ડુપ્લીકેટ રસીદ અને સર્ટીફીકેટ છપાવી અનુદાન ભેગું કરી રહ્યા છે. દાતાઓને જરાક પણ કોઈ શંકા લાગે તો જીવન જ્યોત સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.**

**છાપા, ચોપડા, પસ્તી, કપડાં, રમકડાં, દવાઓ, ઘરવખરીની વસ્તુઓ તેમજ વિવિધ સ્ક્રેપ જીવન જ્યોત સંસ્થાની રસીદ વગર ન આપવા નમ્ર વિનંતી.**

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી એલ.ડી. શાહ (બિદડા) પ્રેરિત શ્રી જલારામ અન્નક્ષેત્ર ટાટા હોસ્પિટલ પાસે, વાડિયા હોસ્પિટલ પાસે તથા જે.જે. હોસ્પિટલની અંદર બહારગામથી આવેલ કેન્સરગ્રસ્ત તથા અન્ય મોટી બિમારી લઈને મુંબઈને આંગણે સારવાર લેવા આવતા પરિવારો માટે કાર્યરત છે જેમાં નિર્ધન, નિરાશ્રિત એવા પરિવારો મોટે ભાગે લાભ લે છે. આપ આપનું અનુદાન **જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**નો **સેવિંગ એકાઉન્ટ** નીચે આપેલ બેંકમાં ડ્રાફ્ટ, ચેક અથવા રોકડેથી ભરી શકશો. કાઉન્ટર સ્લીપ અમને પોસ્ટ કરો ને ફોન પર અમને જાણ કરો કે કઈ યોજના માટે તમે પૈસા ભર્યા છે. તો અમે તમને સર્ટીફાઈડ રસીદ મોકલી આપીશું.

**દાતા પાસેથી ઉપરોક્ત વિગત ન મળવાથી આપના આપેલ અનુદાનની રકમ પર સંસ્થાને ૩૩% ટેક્ષ ભરવો પડે છે. જેનાથી કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ફંડ ઓછું વાપરી શકીએ છીએ.**

**સંપર્ક મો. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**

| **બેંકનું નામ / IFSC નં.** | **ખાતા નં.** | **બ્રાંચ** |
|---|---|---|
| એચ.ડી.એફ.સી.બેંક<br>HDFC0000357 | ૧૪૭૩૧૪૫૦૦૦૦૦૧૭ | પરેલ |

# પુણ્યનું ભાથુ બાંધવા માટેના વિકલ્પો

| | |
|---|---|
| એક સમયનું સંપૂર્ણ સાદુ ભોજન | ૧૪,૫૦૦/- |
| એક સમયનું સંપૂર્ણ મિષ્ટાન ભોજન | ૨૬,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| જમવા માટેની પંચવર્ષીય મિતી યોજના (ટાટા હો.) | ૧૮,૦૦૦/- |
| જમવા માટેની કાયમી મિતી યોજના (ટાટા હો. પાસે) | ૪૫,૦૦૦/- |
| આખો દિવસ હળદર, સાકર વાળુ દુધ (ટાટા હો. પાસે) | ૭૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૨,૫૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૫,૦૦૦/- |
| વિશેષ સભ્ય | ૩૧,૦૦૦/- |
| બ્લડ ડોનેશન કેમ્પ | ૪૦,૦૦૦/- |
| દર્દીઓની એક દિવસની પિકનીક | ૩૦,૦૦૦/- |
| ચેરી. એલોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૩૦,૦૦૦/- |
| એક કેન્સર ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| વિવિધ પ્રકારના મેડીકલ ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| ટોયબેંક માસિક ખર્ચ | ૨૦,૦૦૦/- |
| ચેરી. હોમિયોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૧૫,૦૦૦/- |
| મહિને ૧ દર્દીના (દત્તક) | ૨૫,૦૦૦/- |
| મહિને પ્રતિ દર્દીનું રેડીયેશનનો ખર્ચ | ૧૫,૦૦૦/- |
| એક મહિનાની કબુતરની દવા | ૭,૫૦૦/- |
| એક દિવસીય અનાજ માટેનો નકરો | ૨,૫૦૦/- |
| સામાન્ય સભ્ય | ૨,૦૦૦/- |
| એક દિવસીય સૂકા ઘાસનો નકરો | ૨,૦૦૦/- |
| એક દિવસીય લીલા ઘાસનો નકરો | ૧,૫૦૦/- |
| એક દિવસીય ગાય માટે રોટલી | ૧,૦૦૦/- |
| એક દિવસીય કુતરા માટે દૂધ | ૧,૦૦૦/- |
| વિવિધ કબુતરખાનામાં ચણનો નકરો | ૧,૦૦૦/- |
| એમ્બ્યુલન્સ | ૧,૦૦૦/- |
| ઓઝોનથેરેપી | ૫૦૦/- |
| દાતાને નામે કાયમી યોજના | ૧૨,૫૦,૦૦૦/- |
| સ્પોન્સરશીપ -૧ વર્ષના | ૧,૨૫,૦૦૦/- |
| પેટ્રનશીપ | ૧,૨૫,૦૦૦/- |
| વાઈસ પેટ્રનશીપ | ૭૫,૦૦૦/- |

## ચિંતનના ચિદાકાશમાં

**- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ**

સ્થળ છે એ વિલેપાર્લા - ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયને અડીને જ ઊભેલા ઉપાશ્રયનું સમય છે સવારના સાતેક વાગ્યાનો. જિનાલયમાં પ્રભુભક્તોની ભીડ સારી એવી છે. દર્શન-પૂજા કરીને ગુરુવંદન માટે ઉપાશ્રયમાં આવનારો વર્ગ પણ ઓછો તો નથી જ. અચાનક એક બાપ અને દીકરો વંદન કરવા આવ્યા. બાપની ઉંમર હશે પાંત્રીસ આસપાસની અને પુત્રની ઉંમર હશે નવ આસપાસની.

વંદનની વિધિ બાપે કરી પણ વંદનનાં બધાં જ સૂત્રો એણે દીકરા પાસે બોલાવડાવ્યાં. દીકરો પણ એના બાપની જેમ પૂજાના જ કપડામાં હતો. નાનું ધોતિયું અને નાનો ખેસ, ગળામાં રૂમાલ, કપાળે તિલક, હસતો ચહેરો અને મીઠી જબાન. દેવકુંવર જેવો લાગતો એ છોકરો વંદન કરીને માથું નમાવીને ઊભો રહ્યો. એના મસ્તકે વાસક્ષેપ નાખ્યો.

''પૂજા રોજ કરે છે ?''

''હા.''

''પાઠશાળા જાય છે ?''

''રોજ.''

''શું ભણે છે ?''

''ભક્તામર.''

''ભક્તામર ?''

''હા.''

''આટલી નાની ઉંમરમાં ભક્તામર સુધીનો અભ્યાસ ખૂબ સરસ કહેવાય.''

''સાહેબ ! એની મમ્મીના સંસ્કાર છે. ખૂબ ધગશ છે એને આ બાબાને સંસ્કારી બનાવવાની. રોજ એક સામાયિક તો બાબો કરે જ છે પણ પાંચ તિથિ પૌષધ પણ કરે છે.''

''શી વાત કરો છો ?''

''છેલ્લાં બે વરસથી તો ચોવિહાર અને નવકારશીનું પચ્ચક્ખાણ પણ કરે છે.''

બાબાને એના આ સત્ત્વ બદલ ખૂબ ધન્યવાદ તો આપ્યા પણ અચાનક મારી નજર એના હાથના કાંડા તરફ ગઈ. એ કાંડે રમકડાની ઘડિયાળ હતી.

એની સાથે કંઈક વાતચીત શરૂ કરવાની ગણતરીએ મેં એને પૂછ્યું :

''કાંડે ઘડિયાળ બાંધી છે ?''

''હા.''

''કેટલા વાગ્યા છે ?''

''મને સમય જોતાં નથી આવડતું.''

''આવડતું હોત ને, તોય તું મને સાચો સમય બતાવી ન શકત.''

''કેમ ?''

''સાચો સમય તો સાચી ઘડિયાળ હોય એ જ બતાવી શકે જયારે તારી ઘડિયાળ તો..''

''તો શું ?''

''ખોટી છે.''

''ખોટી છે ?''

''હા.''

''મહારાજ સાહેબ ! તમારે પ્રાયશ્ચિત્ત લેવું પડશે.''

''શેનું ?''

''ખોટું બોલ્યા એનું.''

''હું ખોટું ક્યાં બોલ્યો છું ? તારી ઘડિયાળ ખોટી છે જ. તને શંકા પડતી હોય તો પૂછી લે તારા પપ્પાને.''

''મારા પપ્પાને મારે કાંઇ જ પૂછવું નથી પણ તમારે પ્રાયશ્ચિત્ત લેવું પડશે જ એમાં કોઇ શંકા નથી.''

''પણ શું કામ ?''

''જુઓ આપે બીજા મહાવ્રતની પ્રતિજ્ઞા કરી છે ને ? નાનું પણ જૂઠ બોલું નહીં, બોલાવું નહીં, બોલનારને સારા માનું નહીં !''

''હા. લીધી જ છે ને ?''

''બસ, તો મારે એ જ કહેવું છે કે મારી ઘડિયાળને જૂઠી કહીને આપે એ પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે. કારણકે ચોવીસ કલાકમાં બે વાર તો આ ઘડિયાળ સાચો ટાઇમ બતાવે જ છે. બોલો, મારી વાત સાચી છે ને ?'' બાળકની આ દલીલનો મારી પાસે કોઇ જવાબ નહોતો. ■

# મુદ્રા વિજ્ઞાન હઠ યોગની મુદ્રા - સર્વેન્દ્રિય મુદ્રા



પદ્માસન, સુખાસન અથવા સિદ્ધાસનમાં બેસી, બંને અંગૂઠાથી બંને કાનના દ્વાર બંધ કરી, બંને તર્જનીથી બંને આંખો બંધ કરી, બંને મધ્યમાથી બંને નસકોરા બંધ કરી, બંને અનામિકાને હોઠ ઉપર રાખી, બંને કનિષ્ઠિકાને હોઠ નીચે સહેજ દબાણ આપી, મુખ બંધ કરી જાલંદર, ઉડ્ડીયાન અને મૂળબંધ કરી સર્વેન્દ્રિય બંધમુદ્રા બને.

**લાભ :**

- ઈન્દ્રિયોની વૃતિ શાંત થઈ, ચંચળતા દૂર થઈ ધ્યાનમાં લીન થવાય છે.
- અંતરમુખી બનવાથી આંતરિક ચેતના જાગરૂક થાય છે.
- જ્યોતિકેન્દ્ર પર સફેદ ચમકતો રંગ બંધ આંખે અનુભવ કરી શકાય છે.
- આવેશ-આવેગ શાંત થઈ, પૂર્ણ શાંતિનો અનુભવ થાય છે. ■


## સિંધવ મીઠું : આરોગ્યપ્રદ મીઠું

સમુદ્રી સફેદ મીઠા કરતાં પહાડી સફેદ મીઠામાં અનેક ઔષધિ ગુણો છે. સફેદ સમુદ્રી મીઠું જે આપણે રોજિંદા આહારમાં વાપરીએ છીએ, જે હાઈબ્લડપ્રેશર અને એને લગતી અનેક વ્યાધિઓને નોતરે છે. કેન્સર જેવી ઘણી બિમારીઓમાં જ્યારે સાદું મીઠું ખાવાની મનાઈ હોય છે અને વૈષ્ણવ લોકોના ઉપવાસમાં જ્યાં સાદું મીઠું વપરાતું નથી ત્યાં દરેક જગ્યાએ પહાડી સિંધવ મીઠું વપરાય છે.

**દર્દીઓના લાભાર્થે સિંધવ મીઠું - ૫૦/- રૂા. કિલો**

**ગાયનું શુદ્ધ ઘી ૬૫૦/- રૂા. કિલો**

**કાચી ઘાણીનું શિંગતેલ - ૩૮૦/- રૂા. કિલો**

**'જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ'** માંથી દરેક વ્યક્તિઓને મળી શકશે.
ફક્ત વાપરનાર વ્યક્તિઓ જ આ યોજનાનો લાભ લે. સમય : (૧૧ થી ૫) (રવિવાર બંધ)
સરનામું : ૫/૬, કોંડાજી ચાલ, જેરબાઈ વાડિયા રોડ, ટાટા હોસ્પિટલની બાજુમાં, પરેલ, મુંબઈ-૧૨.
ટેલી : ૯૮૬૯૨૦૬૪૦૦.

## સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કેટલીક પ્રવૃત્તિઓ દાતાઓના નામથી ચાલે છે જેમાં મુખ્યત્વે :

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી નલિનીબેન બિપિનચંદ્ર મહેતા | : કેન્સર ડિટેક્શન સેન્ટર |
| ૨) | શ્રીમતી ચંપાબેન ઝુમખરામ શાહ | : કોલોસ્ટોમી બેગ સેન્ટર |
| ૩) | શ્રીમતી સાકરબેન એલ. ડી. શાહ (બિદડા) | : જલારામ અન્નદાન ક્ષેત્ર |
| ૪) | શ્રીમતી ઉષાબેન મણિલાલ ગાલા (કાંડાગરા-ગોરેગામ) | : જલારામ અન્નદાન ક્ષેત્ર |
| ૫) | શ્રીમતી પુષ્પાવંતી કિશોરભાઈ ભોજરાજ (મેરાઉ) | : એમ્બ્યુલન્સ સેવા |
| ૬) | શ્રીમતી નયનાબેન બિપીનભાઈ દાણી (માટુંગા) | : વરિષ્ઠ નાગરીક આઈકાર્ડ સેવા |
| ૭) | શ્રી મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા) | : બ્લેક મોલાઈસીસ દવા |
| ૮) | શ્રી ડુંગરશી મુલજી મારૂ (કારાઘોઘા) | : આધુનિક ઉપકરણો |
| ૯) | કુ. સાઈશા-નાઈશા દાણી (માટુંગા) | : ટોયબેંક |
| ૧૦) | માતુશ્રી ખેતબાઈ દેવરાજ મારૂ (હાલાપુર) | : ચેરી. ડિસ્પેન્સરી |
| ૧૧) | માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા) | : જીવદયા |
| ૧૨) | માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી અને માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા) | : હલ્દી દુધ યોજના |
| ૧૩) | શ્રી હરીરામ માથુરામ અગ્રવાલ (ચેમ્બુર) | : ફ્રુટ વિતરણ |
| ૧૪) | માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ દાણી (હરસોલ) | : એનિમલ એમ્બ્યુલન્સ મેઈન્ટેનેંસ |
| ૧૫) | માતુશ્રી લલિતાબેન બિહારીલાલ શાહ (સાંતાક્રુઝ) | : ઓઝોન થેરેપી સેન્ટર |
| ૧૬) | માતુશ્રી તારાબેન જયંતિલાલ વાઘાણી (માટુંગા) | : જીવન જ્યોત ડ્રગ બેંક |
| ૧૭) | દેવીકા સોમચંદ લાલકા (અમલનેર) (સ્વ. કુ. હંસાબેન રતનશી લોડાયા) | : કોમ્પીટીશન યોજના |
| ૧૮) | મયુરભાઈ મહેતા તથા જીતેન્દ્રભાઈ પારેખ | : એમ્બ્યુલન્સ નિભાવ ફંડ |
| ૧૯) | માતુશ્રી ઈંદુમતિબેન મહેન્દ્રભાઈ ગાંધી (લિંબોદ્રા) | : પેથોલોજી લેબ |
| ૨૦) | શ્રીમતી મંજુલાબેન નટવરલાલ શાહ (હરસોલ) | : બ્લડ બેંક |
| ૨૧) | શ્રી નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ) | : મેડિકલ કેમ્પ |
| ૨૨) | શ્રીમતી નલિનીબેન રસીકભાઈ જાદવજી શાહ | : એમ્બ્યુલન્સ સેવા |
| ૨૩) | સ્વ. શ્રી ઈન્દરચંદ લખ્ખીચંદ ખીંવસરા (ધુલિયા) | : પસ્તી યોજના |
| ૨૪) | ડૉ. રમેશ મંત્રી | : અનાજ વિતરણ |
| ૨૫) | શ્રીમતી સાકરબેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ (વર્લી) | : કેમોથેરેપી વિભાગ |

***સમાજને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં લાભ લેવા વિનંતી.***

## બોધકથા

# ન દેખતી આંખો



- અનુવાદ : આદિત્ય વાસુ

### સમસ્યા

એક વખત બાદશાહ અકબરનાં બેગમને રાજ્યના અંધજનોને નાણાંનું દાન કરવાનું મન થયું. અંધજનોની મોજણી કરવામાં આવી અને તે પર બાદશાહે ટિપ્પણી કરી કે આપણું સારું નસીબ છે કે રાજ્યમાં આટલા ઓછા અંધજનો છે.

તે અંગે બીરબલે ટીકા કરતાં કહ્યું, ‘‘જહાંપનાહ, કમનસીબ તો એ વાતનું છે કે મોટા ભાગના લોકોને આંખો છે પરંતુ દેખતા નથી હોતા!’’

અકબર : ‘‘તમે મૂરખ જેવી વાત કરો છો, જેઓને આંખો હોય અને પછી, જોઈ ન શકે?’’

બીરબલ : ‘‘આપ નામદારને તરત ખબર પડી જશે કે કોણ છે એ લોકો.’’

### બીરબલનો ઉકેલ

થોડા દિવસ બાદ બીરબલ નગરના ચોકમાં બેસીને ખાટલાની પાટી ભરી રહ્યા હતા. તેઓની સાથે એક સેવક હતો જે નોંધ કરી રહ્યો હતો.

દરેક જણ બીરબલ પાસે આવીને પૂછતા કે, ‘‘બીરબલ શું કરી રહ્યા છો?’’ બીરબલ જવાબ ન આપતા, પરંતુ પોતાના સેવકને કહેતા કે એક વધુ નામ લખી લો. છેવટે આ સમાચાર બાદશાહ પાસે પહોંચ્યા અને તેથી બાદશાહ ઉતાવળે બીરબલ જ્યાં બેસીને ખાટલાની પાટી ભરતા હતા ત્યાં આવ્યા.

અકબર : ‘‘બીરબલ, તમે શું કરી રહ્યા છો?’’

બીરબલે તેના સેવકને કહ્યું : ‘‘જહાંપનાહનું નામ પણ ઉમેરી દેજો.’’

અકબર : ‘‘આ તે કઈ જાતનો જવાબ ?’’

બીરબલ : ‘‘મેં થોડા દિવસ પહેલાં આપને કહ્યું હતું કે ઘણા લોકો એવા છે જેઓને આંખો હોય છે, પણ દેખાતા હોતા નથી. હવે અહીં બધા લોકો મને પૂછી રહ્યા છે કે હું શું કરી રહ્યો છું અને તમે જુઓ છો કે હું ધોળે દહાડે અહીં ચોકમાં બેસીને ખાટલાની પાટી ભરી રહ્યો છું.’’

## શીખ

દેખીતી વસ્તુ જોવાની શક્તિ અત્યંત બુદ્ધિશાળી લોકોમાં સહજ હોય છે. અંધ વ્યક્તિ પોતાની સ્વયંસ્ફુરણાથી વધુ જોઈ શકે છે જ્યારે દેખતો માણસ તેની આંખો જે બતાવતી હોય છે તેનાથી સંતોષ નથી માનતો અથવા તો તે જે કાંઈ જોતો હોય છે તે સ્વીકારવા તૈયાર નથી હોતો એટલું નક્કી કરી રાખજો કે તમારા ઑડિટર્સ તટસ્થ નિર્ણયશક્તિ ધરાવનારા લોકો છે અને એવી વ્યક્તિઓ જેવા નથી, જેઓને સ્વસ્થ આંખો હોવા છતાં યોગ્ય નિરીક્ષણ ન કરી શકતા હોય. ■

## કેન્સરની ભયાનકતા સામે હૂંફનું કવચ...

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ જયંત એન. શાહ | | મુલુંડ | ૫૦,૦૦૦/- |
| ❖ પ્રીતી ઉપેન્દ્ર પારેખ | | મુલુંડ | ૧૧,૦૦૦/- |
| ❖ લક્ષ્મીચંદ નાનજી શાહ | | અલ્કાપુરી | ૧૦,૦૦૦/- |
| ❖ નર્બદાબાઈ મુલચંદ વિસરીયાના ૯૪માં જન્મદિવસ નિ. | કોડાય | શિવરી | ૫,૦૦૦/- |
| ❖ સુનિતા ભુપેન્દ્ર પરીખ | | તારદેવ | ૫,૦૦૦/- |
| ❖ સ્વ. કલ્પનાબેન વસંતલાલ શાહના આત્મશ્રેયાર્થે | ગઢસીસા | ઘાટકોપર | ૫,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૪,૦૦૦/- |
| ❖ કેશવલાલ પારડીવાલા હ. મહેશ પારડીવાલા | | પેડરરોડ | ૪,૦૦૦/- |
| ❖ આશિષ ઝવેરચંદ ગાલા | ટોડા | મીરારોડ | ૩,૦૦૦/- |
| ❖ દિવ્યમ અશોક પરમાર | | દાદર | ૧,૧૦૦/- |
| ❖ અશોક ફુટરમલ પરમાર | | દાદર | ૫૦૦/- |

## એમ્બ્યુલન્સ સેવા

| નામ | એરીયા | રૂપિયા |
|---|---|---|
| * સુરજબેન ડી. દેસાઈની પુણ્યતિથિ નિ. હ. પ્રીતી દેસાઈ | બોરીવલી | ૧,૦૦૦/- |

માટલાનું પાણી પીવું એ પણ દવા છે.

દ્રષ્ટાંત કથા

# કંજૂસનું ધન

એક હતો શેઠિયો. એની પાસે ઘણું ધન હતું, પણ એ કોઈ દીનદુઃખીને એક ફદિયું યે કદી પરખાવતો નહોતો. કોઈ ગરીબ કે સંતસાધુ એની સામે મદદ માટે હાથ લાંબો કરે તો એ તરત પોતાના બેય હાથ બગલમાં ઘાલી દેતો જેથી કોઈને કંઈ આપવાનું મન થાય નહિ અને માગનારો સમજીને પાછો વળી જાય!

એકવાર દેશમાં દુકાળ પડ્યો અને રાજાને નાણાંની જરૂર પડી. રાજા પોતે આ કંજૂસને ઘેર જઈ ઊભો ને બોલ્યો : ''શેઠ, લોકો ભૂખે મરે છે; તમારી પાસે ઘણું ધન છે, એમાંથી મને થોડું આપો તો હું લોકોને બચાવી લઉં. દુકાળ પાર ઊતર્યા પછી હું તમારાં નાણાં સવાયાં કરીને ચૂકતે કરી દઈશ.''

કંજૂસે કહ્યું : ''મેં પાઈ પાઈ કરીને આ ધન ભેગું કરેલું છે, સરકાર! એ ધન આમ વેડફી દેવા માટે નથી!''

રાજાએ કહ્યું : ''વેડફી દેવાનું હું નથી કહેતો, શેઠિયા ! હું એ ધીરવાનું કહું હું છું. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે હું તમારું દેવું પાઈએ પાઈ ચૂકતે કરીશ.''

કંજૂસે કહ્યું : ''તમે તો ધન ચૂકતે કરો ત્યારે કરો, પણ આજે તો એ મારા ઘરમાંથી જાયને?''

રાજાએ કહ્યું : ''ભૂખે મરતી ગરીબ પ્રજાની વતી હું તમને હાથ જોડું છું.''

કંજૂસે કહ્યું : ''હાથ જોડવાથી ધન મળતું હોય તો હું યે હાથ જોડું છું – હું યે ભિખારી છું, ધનની ભીખ માગું છું.''

રાજાથી હવે સહન થયું નહિ. તેણે તે જ ઘડીએ દીવાનને હુકમ કર્યો : ''દીવાનજી, શેઠિયાને ભિખારી થવાની હોંશ છે, તો એની એ હોંશ પૂરી કરો! એની તમામ માલમિલકત જપ્ત કરી એને ભૂખે મરતાં ગરીબોના ટોળામાં સામેલ કરી દો અને એનું બધું જ ધન ગરીબોને અન્ન-વસ્ત્ર આપવામાં કામે લગાડી દો! એ ટોળામાં એ શોભશે !''

તરત હુકમનો અમલ થઈ ગયો. કંજૂસ ધનમાલ ખોઈ બેસી રસ્તાનો ભિખારી થઈ ગયો. ■

# દિવાળીના દિવડા

**- ભારતી પી. શાહ,** *અમદાવાદ*

પ્રભાત થયું, ઉષા આળસ મરડીને જાગી. ચારેકોર પક્ષીઓનો ચહચહાટ સંભળાવવા લાગ્યો. પૂર્વમાંથી ભુવન ભાસ્કર ડોકિયું કરતાં જણાયા. લોકોમાં ચહલપહલ વધી, દૂધવાળાં, છાપાવાળાં, કામવાળાઓની દોડાદોડી સ્પષ્ટ નજરે પડતી હતી.

''કોડિયા લો... કોડિયા લો... દિવાળીના કોડિયા આવ્યા...'' એક દશેક વર્ષનો છોકરો તેની નાની છાબડીમાં કોડિયા લઈને ફરી રહ્યો હતો. ફરતાં ફરતાં તે એક સોસાયટીમાં દાખલ થયો, અને ઘરે ઘરે, બારણે બારણે કોડિયા વેચવા માટે ફરવા લાગ્યો.

''એય છોકરા, શું ભાવ છે તારા કોડિયાનો?''

''બા, દસ રૂપિયાના બે કોડિયા...'' છોકરો બોલ્યો.

''અરે હોતું હશે? દસ રૂપિયાના ચાર આપ...''

''બા, મારી માએ મને દસ રૂપિયામાં બે કોડિયા વેચવાનું કહ્યું છે તો પછી...''

''જા... નથી જોઈતા. આટલા મોંઘા...'' બોલીને બાએ બારણું બંધ કરી દીધું.

છોકરો ઉદાસ થઈ ગયો, છતાં તે બૂમો પાડીને કોડિયા વેચવા લાગ્યો. સોસાયટીમાં કેટલાક લોકોએ તેના કોડિયા ખરીદ્યા, કેટલાંકને દયા આવી તો તેને ખાવાનું પણ આપ્યું, ત્યારે છોકરાના મુખ પર આનંદની સુરખી છવાઈ ગઈ.

''કોડિયા લો... દિવાળીના કોડિયા લો'' એમ બોલતાં બોલતાં તે આગળ વધ્યો.

''સરલાબેન આ છોકરો આટલા વહેલા કોડિયા વેચવા આવ્યો છે માટે ધ્યાન રાખજો. કોઈની વસ્તુ આઘી પાછી ના કરે... અત્યારે તો કોઈનો વિશ્વાસ કરવા જેવો નથી... માટે ધ્યાન રાખજો'' વિજયાબેન બોલ્યા.

''તમારી વાત સાવ સાચી... આ જમાનામાં કોઈનો વિશ્વાસ કરવા જેવો જ નથી...'' સરલાબેન વાત પૂરી કરે તે પહેલાં એ છોકરો ત્યાં આવી પહોંચ્યો.

''બા, કોડિયા લેવા છે... દસ રૂપિયામાં બે કોડિયા...'' છોકરો બોલ્યો.

''અલ્યા છોકરા, આટલો વહેલો સવારના પહોરમાં કોડિયા વેચવા નીકળ્યો છે? શું ઈરાદો...'' વિજયાબેન શંકા કરતાં બોલ્યા.

‘‘બા, દસ વાગ્યે મારે શાળામાં જવાનું હોય છે. મારા ઘરથી શાળા ખૂબ દૂર છે... ચાલતો જાઉં છું. માટે વહેલો આવ્યો છું...’’ છોકરો બોલ્યો.

‘‘ઠીક છે... ઠીક છે... ગયા વરસના કોડિયા પડ્યા છે... નથી જોઈતા... જા...’’ વિજયાબેને બબડતાં બબડતાં બારણા બંધ કરી દીધા. છોકરો કોડિયાની છાબડી લઈ આગળ વધ્યો. સોસાયટી ખૂબ મોટી હતી. છોકરો માથે છાબડી મૂકી ફરતો ગયો અને કોડિયા વેચવા લાગ્યો. આમ ફરતાં ફરતાં તે સોસાયટીના ઝાપે આવ્યો.

‘‘દાદા, થાક લાગ્યો છે. થોડીવાર અહીં બેસું.’’ છોકરાએ ચોકીદારને પૂછ્યું.

‘‘બેસ બેટા બેસ... વાંધો નથી... પાણી પીવું છે?...’’ ચોકીદાર બોલ્યો. છોકરાએ હા પાડી એટલે ચોકીદારે પોતાની માટલીમાંથી પાણા કાઢી પીવા આપ્યું.

છોકરાના મુખ પર સંતોષ છવાયો અને તે થાક ખાવા બેઠો.

‘‘તારું નામ શું છે? તું ભણે છે?’’ ચોકીદારે છોકરાના માથે હાથ ફેરવતાં પૂછ્યું.

‘‘હા... ચોથા ધોરણમાં... સરકારી સ્કૂલમાં... મારી મા પણ દિવડા વેચવા નીકળી છે. મારા બાપા મજૂરી કરે છે... પરાણે પેટપૂરતું ભોજન મળે છે... દિવાળી આવે છે એટલે માએ મને દિવડા વેચવાનું કામ સોંપ્યુ... બે પૈસા ઘરમાં આવે ને...?’’

ચોકીદાર બાળકની વાત સાંભળીને વિચારમાં પડી ગયો... આટલો નાનો છોકરો અને કામે નીકળ્યો છે?!...

‘‘બેટા, હજી કેટલા દિવડા વેચવાના બાકી છે?’’ છોકરાએ ગણી જોયા, પછી બોલ્યો, ‘‘દાદા, હજી સો રૂપિયાના દિવડા બાકી છે.’’

છોકરાની વાત સાંભળી, તેની હકીકત જાણી ચોકીદારને દયા આવી. તે બોલ્યો, ‘‘લાવ બેટા, બધા દિવડા મને આપી દે. હું ખરીદવા માંગુ છું અને લે આ દોઢસો રૂપિયા...’’

‘‘દિવડાના તો સો રૂપિયા જ છે અને તમે મને દોઢસો રૂપિયા આપો છો?’’ નવાઈ પામતા છોકરો બોલ્યો.

‘‘બેટા, પચાસ રૂપિયામાંથી તું તને ગમે તે ખરીદજે... દિવાળી આવે છે ને...’’ ચોકીદારે કહ્યું. છોકરાની આંખો હસી પડી. ચોકીદારને બધા કોડિયા આપી, રૂપિયા લઈ તે નાચતો-કૂદતો જવા લાગ્યો. આ જોઈને ચોકીદારની આંખો પણ હસી ઊઠી. ■

# મને અદ્‌ભુત શરીર આપનાર હે પરમેશ્વર!!

કોઈ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ એવું કોઈ અસામાન્ય કામ પણ નથી છતાં માથાનાં વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ કલાક ભગવાન તું રક્ત પ્રવાહિત કરે છે.

જીભ પર નિયમિત લાળ અભિષેક કરે છે.

નિરંતર તું મારું હૃદય ચલાવે છે.

એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યુ છે હે ભગવાન? પગના નખથી લઈ માથાના વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી કઈ અદશ્ય શક્તિથી ચાલી રહી છે એ જ કંઈ સમજાતું નથી.

હાડકા અને માંસમાં બનવાવાળું રક્ત કેવું અદ્વિતિય આર્કિટેક્ચર છે.

હજાર હજાર મેગા પિકસલવાળા બે બે કેમેરા દિવસ રાત બધા દશ્યો કેદ કરી રહ્યાં છે.

દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામથી ટેસ્ટર, અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી, જુદી જુદી આવૃતિના અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી અને એ આવૃતિનું કોડિંગ-ડિકોડિંગ કરવાવાળા કાન નામના યંત્ર પણ અદ્‌ભુત છે.

૭૫% પાણી ભરેલું શરીર રૂપી ટેન્કરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું.

કોઈ આધાર વગર હું ઊભો રહી શકું છું.

ગાડીના ટાયર ઘસાય છે પણ પગના તળિયાં ક્યારેય ઘસાતા નથી કેવી અદ્‌ભુત એવી રચના છે.

**વાચક ગણ, જીવનપથમાં પ્રસિધ્ધ થતાં લેખ-કાવ્ય-નવલિકા-નોવેલ તથા અન્ય લખાણ જે તે લેખકોના મંતવ્ય હોય છે, એમાં પ્રસિદ્ધ થતાં કોઈપણ લેખ કે અન્ય સાહિત્ય સાથે તંત્રી મંડળ કે ટ્રસ્ટી મંડળ સહમત છે એમ માની લેવું નહીં. આ આખો પ્રયાસ કેન્સરગ્રસ્ત દર્દીઓના ઉત્થાન માટે છે. છતાં ઉપસ્થિત થનાર વાદ માટે ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. - *જીવનપથ તંત્રી મંડળ***

ઊંડી ઊંઘ એ પણ દવા છે.

દેખભાળ, સ્મૃતિ, શક્તિ, શાંતિ આ બધું પ્રભુ તું જ આપે છે.

તું જ અંદર બેસીને શરીર ચલાવે છે.

અદ્ભુત છે આ બધું અવિશ્વસનીય સમજમાં ન આવે એવાં શરીરરૂપી મશીનમાં હંમેશા તું જ છે. એના અનુભવ કરવાવાળો આત્મા ભગવાન તે એવો કંઈક ફીટ કરી દીધો છે કે હવે શું તારી પાસે માગું?

તારા આ જીવ શિવનો ખેલનો નિશ્ચલ નિસ્વાર્થ પ્રેમનો ભાગ રહું એ જ સદ્બુદ્ધિ આપો.

તું જ આ બધું સંભાળે છે એના અનુભવ મને હંમેશા રહે, રોજ પળપળ કૃતજ્ઞતાથી તારો ઋણી હોવાનું સ્મરણ, ચિંતન હોય એવી પરમેશ્વરના ચરણોમાં પ્રાર્થના હંમેશ કરતો રહું એવી પ્રેરણા આપતો રહેજે. ■

## માનવતાના સાદને મળેલો પ્રતિસાદ

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ નકુલ ઝવેરી | | વર્લી | ૨૫,૦૦૦/- |
| ❖ રજનીકાંત કેશવલાલ શાહ | | ગોરેગામ | ૨૫,૦૦૦/- |
| ❖ જયશ્રી નવિન જૈન | | મુલુંડ | ૨૫,૦૦૦/- |
| ❖ શાંતિલાલ એ. ઝવેરી ચેરી. ટ્રસ્ટ | | ભુલાભાઈ દેસાઈ રોડ | ૧૨,૦૦૦/- |
| ❖ ભારતીબેન મણિલાલ હરિયા | બાડા | પ્રભાદેવી | ૧૧,૦૦૦/- |
| ❖ કિશોર કાટકોરિયા | | બોરીવલી | ૧૦,૦૦૦/- |
| ❖ જયંત પ્રતાપસિંહ રાજડા | | પરેલ | ૧૦,૦૦૦/- |
| ❖ સુનિલ સુમતિલાલ દોશી | | સાંગલી | ૧૦,૦૦૦/- |
| ❖ ફ્રેયા પરેશ દેઢિયા | | | |
| હ. મિનલ પરેશ દેઢિયા | ગઢસીસા | બોરીવલી | ૨,૫૦૦/- |
| ❖ પ્રેમજી કુંવરજી દેઢિયા (મોથારા)ની ૫મી પુણ્યતિથિ નિ. | | | |
| હ. હેતલ જયેશ મારૂ | શેરડી | ડોંબિવલી | ૧,૫૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ❖ હર્ષદ કોઠારી | | બોરીવલી | ૫૦૦/- |

## વ્યક્તિ વિશેષ

# ફાલ્ગુની પાઠક - ગરબા ક્વીન



ફાલ્ગુની પાઠકનો જન્મ ૧૨મી માર્ચ ૧૯૬૯ના રોજ મુંબઈમાં થયો. તેમણે મુંબઈની કોલેજમાંથી બી.કોમ.ની ડિગ્રી મેળવી છે. તે એક ગાયક કલાકાર અને સંગીતકાર પણ છે. તેમનું સંગીત ગુજરાતના પરંપરાગત સંગીત સ્વરૂપ પર આધારિત છે. તેમણે ૧૯૮૭માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી.

તેમણે ખૂબ જ નાની ઉંમરે સંગીતમાં રસ દાખવ્યો અને વિવિધ ભારતીય લોકગીતો અને ગુજરાતી ગીતોમાંથી પ્રેરણા લીધી. બાળપણથી જ તેઓ પરંપરાગત સંગીત તરફ રસ ધરાવતા હતા અને તેથી જ તેમણે નવરાત્રિના ગરબા સંગીતમાં કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમને બાળપણમાં રેડિયો સાંભળવાનો શોખ હતો. અને અહીંથી જ તેમને ગાવામાં રસ પડવા લાગ્યો. તેમણે માત્ર ૯ વર્ષની ઉંમરે પહેલું પ્રદર્શન આપ્યું હતું.

ગુજરાતી પરિવારમાં જન્મેલી ફાલ્ગુનીને તેમની માતાએ જ પરંપરાગત ગુજરાતી ગીતો શીખવ્યા બાદ તેમણે નવરાત્રીના કાર્યક્રમોમાં ગાવાનું શરૂ કર્યું. ૧૯૯૪માં તેમણે ''તા થૈયા' નામનું પોતાનું બેન્ડ બનાવ્યું અને આ બેન્ડ દ્વારા ઘણા દેશોમાં પ્રોગ્રામ કર્યા.

ફાલ્ગુનીબહેનનું સંગીતમય જીવન ગરબાથી શરૂ થયું હતું અને ધીરે ધીરે તેઓ એને એક નવા જ સ્તરે લઈ ગયા. તેમના અવાજમાં એવી મીઠાશ છે જે લોકોને ગરબા કરવા પ્રેરિત કરે છે. તેમના ગીતોમાં પરંપરાગત અને આધુનિક સંગીતનો અનોખો સમન્વય જોવા મળે છે જે દરેક પેઢીને ગમે છે.

તેમના મુખ્ય ગીતોમાં : મૈંને પાયલ જો છનકાઈ / ચુડી જો ખનકી હાથોમેં/ સાવન મે મોરની...

આ ગીતોએ ન માત્ર યુવાનોના દિલમાં સ્થાન બનાવ્યું પણ નવરાત્રી

ઉત્સવનો પણ એક ભાગ બની ગયા. આજે પણ હજારો લોકો તેમને સાંભળવા અને એમના લાઈવ શો (જીવંત પ્રસારણ) અને નવરાત્રી દરમિયાન તેમના ગીતો પર ઝૂમવા આવે છે.

નવરાત્રી દરમિયાન તેમના કાર્યક્રમો દેશભરમાં ખાસ કરીને પ્રખ્યાત છે. તેમના સંગીતમાં એક અલગ જ ઊર્જા છે જે ગરબા ખેલાડીઓને થાકવા દેતી નથી. એમના જીવંત પ્રસારણની લોકપ્રિયતા એટલી છે કે મુંબઈ, સુરત, અમદાવાદ જેવા મોટા શહેરોમાં તેમના શો મહિનાઓ પહેલાંથી બુક થઈ જાય છે. ■

## આજની પ્રેરણાદાયી વાત

જે બીજાની ભલાઈ કરે છે એ પોતાની ભલાઈ પોતાની મેળે જ કરી લેતા હોય છે. ભલાઈ ફળ મળે એમાં નહીં પણ કર્મ કરતા રહેવામાં જ છે. કારણકે શુભ કર્મ કરતા રહેવાની ભાવના જ સાચું ઈનામ છે.

મોહિની ગવડા, ફળ વહેંચનારી બહેન અંકોલા, કર્ણાટકના એક બસ સ્ટેન્ડ પર ફળ વહેંચતી હતી. પણ સાથે સાથે તે રોજ જ સવારે પોતાની આજુબાજુમાં (એટલે પોતાની બેઠકની આજુબાજુ) પરિસરને પણ સાફ રાખવા ત્યાં પડેલો કચરો વીણતી હતી. કોઈ સજ્જનના ધ્યાનમાં તેની આ પ્રવૃત્તિ આવી અને એણે ફોનમાં આ દૃશ્યને મઢી લીધું પછી એને જ એણે સામાજિક પ્રચાર (સોશિયલ મિડિયા) માધ્યમ પર મૂક્યું. આ વાત શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં લક્ષ્યમાં આવી.

શ્રી નરેન્દ્રભાઈએ ખાતરી કરી કે તેઓ જ્યારે પણ કર્ણાટકના પ્રવાસ પર હોય ત્યારે આ મોહિનીબેન એમના સ્વાગત માટેની સમિતિમાં એક ખાસ મહેમાન તરીકે હાજર હોય. આવી એક નાની અમથી વાત પણ ખૂબ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ચાલો ત્યારે આજથી જ આપણે પણ નાની એવી ભલાઈનું કાર્ય કરવાનું પ્રણ લઈએ. ■

## બિપિનભાઈ દાણી (હરસોલ) એકતા પરિવાર (I.G.) માટુંગાની પ્રેરણાથી કેન્સરગ્રસ્ત દર્દીઓના લાભાર્થે

| નામ | એરીયા | યોજના | રૂપિયા |
|---|---|---|---|
| ☛ સ્વ. મિતેષ મહેન્દ્ર શાહના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મહેન્દ્રભાઈ શામળદાસ શાહ (હરસોલ) | બોરીવલી | જીવદયા | ૫,૦૦૦/- |
| ☛ સ્વ. અરવિંદભાઈ વલ્લભદાસ સોનેચાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હંસાબેન અરવિંદભાઈ સોનેચા પરિવાર | કાંદિવલી | દવા | ૨,૦૦૦/- |
| ☛ સ્વ. મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ઈન્દુબેન, અલ્પેશ, સંજય ગાંધી પરિવાર | બોરીવલી | જીવદયા | ૧,૨૦૦/- |
| ☛ સ્વ. નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મંજુલાબેન નટવરલાલ શાહ પરિવાર | કાંદિવલી | જીવદયા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. કાંતિલાલ નગીનદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. કાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર | ભાયંદર | દવા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. સરસ્વતીબેન અને સ્વ. રસિકલાલ શાહ (ઉનાવા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ધવલ શીરીષ શાહ | સાયન | જીવદયા | ૫૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. બેચરદાસ દોશીના આત્મશ્રેયાર્થે | | | |
| હ. દિલીપ બી. દોશી | મુલુંડ | દવા | ૫૦૦/- |
| ☛ સ્વ. શારદાબેન અને સ્વ. ચિમનલાલ સાકળચંદ શાહ (ઉવારસદ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હેમા પ્રદિપ શાહ | પૂના | જીવદયા | ૫૦૦/- |

બોધકથા

# ગુરુ દક્ષિણા

**- ગિરીશ ગણાત્રા**

હાઈવે પર એક ટેક્સી ઊભી હતી. મોડી સાંજનો સમય હતો. આકાશમાં વરસાદ ઘેરાયેલો હતો ને થોડાં થોડાં છાંટા પડવાની શરૂઆત પણ થઈ ગઈ હતી. સૂસવાટાભર્યો ઠંડો પવન શરીરને વીંધી નાંખે એવાં તાતા તીર મારતો હતો. ટેક્સી-ડ્રાઈવર મોટરને રિપેર કરવાના તમામ પ્રયત્નો કરતો હતો. પણ સફળતા મળતી નહોતી. એક તો એની પાસે બેટરી નહોતી અને સૂસવાટાભર્યા પવનમાં હુડ સમતોલ રહેલું નહોતું. દીવાસળી પેટાવીને મોટરના એન્જિનને દુરસ્ત કરવાના પ્રયત્નોમાં દિવાસળીઓ વારંવાર બુઝાઈ જતી હતી. નવાઈની વાત તો એ હતી કે હાઈવે હતો છતાં એકેય વાહન પસાર થતું નહોતું. એકાદ રડ્યોખડ્યો ખટારો કે જીપ પસાર થઈ ગઈ પણ હાથ બતાવવા છતાં કોઈ ઊભું રહ્યું નહીં.

ટેક્સીમાં બાજુના નાનકડા ગામના એક શિક્ષક બેઠા હતા. ખોળામાં પત્નીનું માથું હતું. પત્નીને હાર્ટ એટેક આવ્યો હોવાથી ૩૦-૩૫ કિલોમીટર દૂર આવેલા એક નાનકડા શહેરની હોસ્પિટલમાં પહોંચવું જરૂરી હતું. ટેક્સીમાં સૂતેલા દર્દીની હાલત ખરાબ થતી જતી હતી. ગામના ડોક્ટર બહારગામ હોવાથી કમ્પાઉન્ડરે આવડે એવી દવા કરી પણ જવાબદારી ટાળવા એણે હોસ્પિટલનું સૂચન કર્યું.

સમય પસાર થતો હતો. ડ્રાઈવર ગાડીને રિપેર કરવા મથામણ કરતો હતો. શિક્ષક મનોમન નારાયણકવચના શ્લોકો બોલતા હતા ને ઈશ્વરને વિનવતા હતા. ''હે ઈશ્વર! આ ગરીબનું ખોરડું ભાંગી ન નાખતો'' સ્મૃતિના ચકડોળે ચડી એણે જોવા માંડ્યું કે ભૂતકાળમાં ક્યાંય પાપ તો નથી થઈ ગયું ને? વીસ વરસની શિક્ષકની કારકિર્દીમાં ક્યાંય ડાઘ તો નથી લાગી ગયો ને? કોઈ છોકરાને અજાણતાં અન્યાય તો નથી કરી બેઠો ને!

અચાનક દૂરથી આવતા કોઈ વાહનની હેડ લાઈટમાંથી પ્રકાશનો શેરડો પડ્યો. એ પ્રકાશનાં કિરણોમાંથી શિક્ષક આશાનાં કિરણો શોધવાના પ્રયત્નોમાં લાગી ગયા. શિક્ષક અને ડ્રાઈવર બંને વાહન થોભાવવા હાથ હલાવવા માંડ્યા પણ દૂરથી

આવતી કોઈ અફલાતૂન કાર પાસે આવીને સનનન કરતી પસાર થઈ ગઈ. બે ચાર સેકન્ડમાં શિક્ષકને ખોરડાનાં નળિયાં ખસતાં હોય એવું લાગવા માંડ્યું.

પણ ના – પસાર થયેલી કાર દૂર જઈને થંભી ગઈ. જેટલી ઝડપથી એ પસાર થઈ એટલી જ ઝડપથી એ રિવર્સમાં પાછી ફરીને ટેક્સીની આગળ આવીને ઊભી રહી. ટેક્સી ડ્રાઈવરે ઝડપથી કાર પાસે જઈ એના ચાલકને વિનંતી કરી, ''સાહેબ, ટેક્સીમાં કંઈક ખરાબી છે. એ તો જાણે ઠીક છે પણ અંદર એક દર્દી છે હાર્ટએટેક આવેલો છે. તમે જો એને બાજુના શહેરની હોસ્પિટલમાં લઈ જશો તો એક જિંદગી બચી જશે. હું તો માથાફોડ કરી કલાક દોઢમાં ટેક્સી ચાલુ કરી શકીશ પણ...

કાર ચાલક નીચે ઉતર્યો. શિક્ષક અને ડ્રાઈવરની મદદથી શિક્ષક-પત્નીને પોતાની કારમાં બેસાડી એણે ગાડી મારી મૂકી. ગાડીની અંદરની લાઈટ ચાલુ રાખી જેથી શિક્ષક એની પત્નીની બરાબર સંભાળ લઈ શકે. શિક્ષક એની પાસેની સીટમાં બેઠા હતા. લાઈટમાં એમનો ચહેરો જોઈ કારચાલકની સ્મૃતિ સળવળી ઊઠી. એણે પૂછ્યું, ''તમે છગનલાલ માસ્તર ને?'' ''હા, ભાઈ આપ કોણ?'' ''તમારો શિષ્ય-તમારી જ પાસે ભણી ગયેલો. ગણિતમાં કાચો હતો. મારી મારીને કાન આમળીને તમે મને ગણિત પાકું કરાવેલું. એક વખત ખોટાં પલાખાં બોલેલો ત્યારે હાથમાં જે ચમચમતી સોટી મારેલી તે આજેય યાદ છે.''

શિક્ષકના મોં પરથી નૂર ઊડી ગયું. એક બાજુ પત્નીની હાલત ખરાબ છે અને આ તો ભૂતકાળમાં મેં મારેલા મારને યાદ કરવા બેઠો છે! બાજુના શહેરની હોસ્પિટલમાં એ હેમખેમ પહોંચાડશે કે મેં મારેલા મારનો અત્યારે બદલો લેશે?'' ભાઈ, માર તો તમારા સારા માટે જ માર્યો હશે? મારો કોઈ વિદ્યાર્થી ગણિતમાં કાચો રહે એવું તો હું સહન જ ન કરી શકું.''

'બરાબર છે' કારચાલક બોલ્યો. ''કદાચ આજે હું મટિરિયલ્સ એન્જિનિયર એ મારના પ્રતાપે જ છું.'' ગાડી શહેરમાં પહોંચી. હોસ્પિટલમાં શિક્ષક-પત્નીને દાખલ કર્યા. તાત્કાલિક ઉપચાર થયા. વિઘ્નનું વાદળ તો પસાર થઈ ગયું. પણ

દર્દીને બેત્રણ દિવસ હોસ્પિટલમાં રાખવા જરૂરી હતા. શિક્ષકને પૂછ્યા વગર જ પેલા કારચાલકે હા પાડી દીધી. શિક્ષક બોલ્યા, ''શેઠ હવે તમારું નામ તો કહો?''

''નામ? હું તમારો શિષ્ય - જુઓ મારે અત્યારે અમદાવાદ જવાનું છે પરમ દિવસે પાછો ફરીશ.''

એ ભાઈ તો ગયા છગનલાલે વાત પૂરી કરતાં કહ્યું. પણ આજ સુધી એનાં દર્શન થયાં નથી. અમદાવાદથી બારોબાર ફોન કરી ડોક્ટર સાથે બિલની પતાવટ કરી લીધી. પત્ની સાજા થયાં એટલે ડોક્ટરે ટેક્સીની વ્યવસ્થા કરી અમને અમારા ગામ પહોંચાડી દીધાં. સાથે દવાઓનું ભાથું પણ બંધાવ્યું. ગામ પહોંચ્યા તો ટેક્સી ડ્રાઈવરે પૈસા લેવાની તો ના પાડી, પણ એક કવર પરખાવ્યું જેમાં ૫૦૦ રૂા હતા. સાથે કાગળની એક ચબરખી જેમાં લખ્યું હતું, ''હું મારું ઋણ અદા કરું છું. કોણ જાણે ક્યારે એ હોસ્પિટલમાં આવ્યા હશે અને બધાં બિલ ભરી ગયા હશે? થોડા સમય બાદ હોસ્પિટલમાંથી કાગળ આવ્યો, ''તમારી પત્નીને ચેકઅપ કરાવવા લઈ આવો.'' ડોક્ટરે બધું ચેક કરી દીધું પણ પૈસા લેવાની ના પાડી. બિલ તો તમારા શિષ્ય ભરે છે. મેં ડોક્ટરને કહ્યું, ''ભલા આદમી એ ભાઈનું નામ તો કહો!'' ડોક્ટરે હસીને કહ્યું નામ આપવાની ના પાડી છે. નાનપણમાં તમારે ઘેર તમે એને ભણાવવા બોલાવતા ત્યારે ગોળ અને રોટલો ખાઈ જતો. બસ આટલી જ ઓળખાણ!

''કોણ હશે એ વિદ્યાર્થી? કોણ રસોડામાં જઈને ગોળ રોટલો ખાઈ ગયું હશે?'' એક વખત લાંબો કાગળ લખી એનું નામ લખી જણાવવા વિનંતી કરી તો ડોક્ટરે જવાબમાં કહ્યું કે, એ ભાઈ નામ આપવા માંગતા નથી. ભવિષ્યમાં સારવારની જરૂર પડે તો વિના સંકોચે લખજો!

''આ તો નરસિંહ મહેતા અને શામળિયા જેવું થયું...!'' ■

## અનાજ વિતરણ

| નામ | એરીયા | રૂપિયા |
|---|---|---|
| * સુરજબેન ડી. દેસાઈની પુણ્યતિથિ નિ. હ. પ્રીતી દેસાઈ | બોરીવલી | ૨,૫૦૦/- |

## ગત મહિનામાં સંસ્થાએ કરેલ પ્રવૃત્તિનો ચિત્તાર

- અન્નક્ષેત્રે ભોજનના ૧૭ કાર્ડ અને હલ્દી દૂધના ૯ કાર્ડ બનાવી આપ્યા.
- ૧૫૩ કેન્સરગ્રસ્ત દર્દીઓના પરિવારોમાં અનાજ વિતરણ કરવામાં આવ્યું.
- પ્રતિદિન ૭૨૩ દર્દીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું.
- ૪ દર્દીઓને બ્લડ માટે સહાય કરવામાં આવી.
- ૮ દર્દીઓને રહેવાની સગવડ કરી આપવામાં આવી.
- ૭ દર્દીઓને અલગ અલગ ટ્રસ્ટમાં સારવાર માટે અપીલ લેટર બનાવી આપવામાં આવ્યા અને અન્ય સંસ્થાઓમાંથી સારો એવો પ્રતિસાદ મળ્યો.
- કેન્સરના દર્દીઓને રૂ. ૯,૮૩,૨૦૦/-ની દવા લઈ આપવામાં આવી.
- અન્ય દર્દીઓને રૂ. ૩,૭૧,૩૪૦/-ની દવાઓ આપવામાં આવી.
- અપંગ વ્યક્તિઓને ૩ વૉકર, ૧ વૉકિંગ સ્ટીક, ૪ કમોડચેર, ૩ વ્હિલચેર, ૪ પલંગ, ૨ ઓક્સિજન મશીન અને ૪ ઓક્સિજનના બાટલા આપવામાં આવ્યા.
- ૩ વ્યક્તિઓને કેન્સર જણાતા એમની ફાઈલ બનાવી આપવામાં આવી.
- ૨૭ દર્દીઓએ ફ્રી એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો.
- ૪ દર્દીઓને કોલોસ્ટોમી બેગ રાહતના દરે આપવામાં આવી.
- ૨ લાવારિશ કેન્સરગ્રસ્ત દર્દીની કફન-દફન વિધિ કરવામાં આવી.
- રસ્તામાં બેહાલ સ્થિતિમાં પડી રહેલા ૩ વ્યક્તિઓને વૃધ્ધાશ્રમમાં ભરતી કરવામાં આવી.

❖ ❖ ❖

માઝા મુકતી મોંઘવારી, અસહ્ય બનતી સારવાર, કપરી પરિસ્થિતિમાં ગરીબી અને બે છેડા ભેગા કરવા મુશ્કેલ હોય છે. એવી પરિસ્થિતિમાં આપ દિલેર દાતા રણમાં વીરડી સમાન લાગો છો. અહીં આપેલ પ્રવૃત્તિઓમાં સાથ સહકાર આપવા વિનંતી :

| | |
|---|---|
| જમાડવાનો એક દિવસનો ખર્ચ ₹ | ૨૫,૦૦૦/- |
| અનાજનો એક દિવસનો ખર્ચ ₹ | ૨,૫૦૦/- |
| કેન્સર સારવાર ₹ | ૨૫,૦૦૦/- |
| દવા માટે ₹ | ૧૦,૦૦૦/- |
| કેમોથેરેપી સારવાર માટે ₹ | ૪૦,૦૦૦/- |
| વ્હિલચેર ₹ | ૬,૫૦૦/- |
| કાખઘોડી ₹ | ૬૦૦/- |
| વોકર ₹ | ૧,૨૦૦/- |
| કાનનું મશીન | દાતાના સહાયથી |
| એમ્બ્યુલન્સ ₹ | ૧,૦૦૦/- |

# ધીમે ધીમે વાંચજો

- ભેગું કરતાં રહેશો તો છેવટે ભાગ જ પડશે પણ
  જો યોગ્ય જગ્યાએ આપતાં રહેશો તો ભાગ્ય ખુલી જશે.
- સવાર તો રોજ જ પડે છે
  તમે ક્યારે જાગો છો એ મહત્ત્વનું છે.
- તમે ક્યારે સાચા હતા એ કોઈ પણ યાદ રાખતું નથી અને
  તમે ક્યારે ખોટા હતા એ કોઈ ભૂલતું નથી.
- કાચું મકાન ચાલશે, કાચું ભોજન ચાલશે પણ કાચા કાન નહીં ચાલે
  નહીંતર બધું જ પાકું થયેલું તૂટતા વાર નથી લાગતી.
- ખાનગી વાતો ખાનગી જ રાખજો,
  જો વાનગી બની જશે તો તમારા કરતાં લોકો વધુ મજા માણશે.
- જેવા પણ છો પોતાની રીતે જીવો,
  બીજાની કોપી કરવા જશો તો પોતાનું અસ્તિત્વ ખોઈ બેસશો.
- ભીનાશ ભીતરમાં હોવી જોઈએ,
  આંખોનું શું? એ તો બિચારી હરખમાં પણ છલકાય છે
- ક્યારેક ફોનનું આ રેકોર્ડેડ વાક્ય પણ સાચું કહી જતું હોય છે,
  તમે જે વ્યક્તિનો સંપર્ક કરવા માંગો છો તે વ્યક્તિ તમારી પહોંચની બહાર છે.
- લાગણીનો પણ એક જમાનો હતો -
  સ્ટેશને મૂકવા જતાં તો પણ આંખો ભીની થઈ જતી,
  આજે કબ્રસ્તાન મૂકવા જતાં પણ આંખો કોરી રહે છે.
- સ્વેટર વેચાતું મળી શકે પણ હૂંફ નહીં. ■

આ પુસ્તક વાંચી લીધા પછી **પસ્તીમાં** નાંખી ન દેતાં તમારા કુટુંબમાં કે મિત્રોમાં ફરતું રહે અને **કેન્સરના** દર્દીઓ માટે **હુંફનું કવચ** બનવા અનુમોદન અર્થે ફેલાવો કરતાં રહો એવી અનુમોદના.

નવલકથા

# ‘કુંતી’

(ગતાંકથી ચાલુ)

**- રજનીકુમાર પંડ્યા**

એ જ વખતે સામેથી હિંમત આવતો દેખાયો. ઊતરતા જતા અંધારામાં એ ચૂપકીદીથી એક ઓળો આવતો દેખાય એમ આવતો દેખાયો અને નજીક આવ્યો ત્યારે જ સ્પષ્ટ થયું કે એ હિંમત હતો.

‘‘કેમ?’’ આવતાવેંત એણે પૂછ્યું : ‘‘દાદા અને દીકરાની મુલાકાત પૂરી થઈ?’’

‘‘હિંમત !’’ અત્યંત આભારવશતાથી સ્વામીજી બોલ્યા : ‘‘તને હું શું કહું! મને મારી વાણી પર બહુ સૂક્ષ્મ ઘમંડ હતો. આજે એ પણ સરી પડે છે. તને કહેવા માટે મારી પાસે શબ્દો નથી. ભાઈ, એટલું જ કહું કે આજથી મારો સાચો સંન્યાસ શરૂ થાય છે. હવે હું મુક્ત થયો. જે ક્ષણે પેલી ચિઠ્ઠી હું આ સુરેન્દ્રના હાથમાં મૂકીશ તે જ ક્ષણથી મારાં વસ્ત્રો સાચા અર્થમાં ભગવાં બનશે. જેમાં આજ સુધી - અત્યાર સુધી થોડા સાંસારિક રંગના તાણાવાણા પણ હતા.’’

એ પછી એ ત્રણે સ્વામીજીના ખંડમાં આવ્યા. બહાર રાતનું અંધારું છવાઈ ગયું હતું, પણ એમના ખંડમાં સ્વામીજીને બહુ ગમતી એવી પીળા રંગની બત્તીનો પ્રકાશ રેલાઈ રહ્યો.

સ્વામીજી ! હિંમત બોલ્યોઃ ‘‘હું જાઉં હવે? આટલા દિવસ ઘરની બહાર રહ્યો. થોડી જરૂરી વાતો પણ કરવાની છે કુંતી સાથે; કારણ કે...’’

‘‘શું ?’’ સ્વામીજીએ પૂછ્યું : ‘‘કંઈ ચિંતા જેવું છે? ફરી ડૉક્ટરના ફોન...’’

‘‘ના.’’ હિંમત બોલ્યો : ‘‘એ કામ તો પતી ગયું. તમને કુંતીએ વાત પણ કરી હશે. ડૉક્ટર અમારે ત્યાં આવી ગયા. પેલું નવું વીલ પણ થઈ ગયું. હવે એમનો ફોન નથી.’’ પછી જરા અટકીને સ્વામીજી બહુ ચિંતા ન કરે એવી સાવધાની રાખીને બોલ્યો : ‘‘પણ પેલાનો સંદેશો હતો...’’

‘‘કોનો?’’

‘‘મણિભદ્રનો.’’ હિંમત બોલ્યોઃ ‘‘હું અહીં નહોતો ત્યારે ગમે તેમ કરી

એણે અર્જુનને શોધી લીધો. આમ તો અર્જુનને એ દીઠે ઓળખે નહીં, પણ કદાચ કોલેજમાંથી સગડ મેળવ્યા હશે. એની જોડે કહેવરાવ્યું છે કે એને તરત મળી જવું.''

સ્વામીજી એની સામે જોઈ રહ્યા. યુદ્ધનો આ કોઈ નવો વ્યૂહ હતો કે શું? એમને ચિંતા ઊપજી આવી.

''એમાં શું?'' હિંમત એની રોજની છટાથી હસીને બોલ્યો : ''મળી આવીશ.''

''ના.'' સ્વામીજી કંઈક વિચાર કરીને બોલ્યાઃ ''તું ન જઈશ ને અર્જુનનું પણ ધ્યાન રાખજે. એને તો ત્યાં જવા જ ન દઈશ અને એ કોઈ અજાણ્યા માણસોને હળેમળે નહીં એનું પણ ધ્યાન રાખજે.''

''પણ મારે જવામાં શો વાંધો છે ?''

''એને ગરજ છે તો એ તારી પાસે આવશે હિંમત, ભાઈ.'' સ્વામીજી બોલ્યાઃ ''તારો સ્વભાવ હકારથી ભર્યો ભર્યો છે. એને લીધે જ તું છેક બટાલા જઈ આવીને મારી ઝંખનાનું મોતી લઈ આવ્યો, પણ એવો સ્વભાવ ક્યારેક હાથમાંનું મોતી ખોવું પડે એવો વખત પણ લાવી દે.'' એ વારંવાર એ વાતને દૃઢ કરવા માટે બોલી રહ્યા. ''તું ન જઈશ. એને જરૂર હશે તો એ તને ખોળતો આવશે. ને એવે વખતે...''

પછી એમણે જીભને એકદમ બ્રેક મારી દીધી : ''એવે વખતે કેમ કરવું તે જોયું જશે. અત્યારે તો તું બધું જ ભૂલી જા હવે માત્ર એક જ લક્ષ રાખ... અને તેં જેમ મને મારું ખોવાયેલું મોતી શોધી આપ્યું તેમ કુંતીનું રત્ન પણ શોધી આપવાનું. આના વગર'' એમણે સુરેન્દ્રનાથ તરફ જોઈને કહ્યુંઃ ''આને મળ્યા વગર જેમ મારું સંન્યસ્ત અપૂર્ણ હતું તેમ કર્ણને પામ્યા વગર તમારો સંસાર અપૂર્ણ છે. હવે એ તરફ તારી શક્તિઓને નહીં, તારી સાત્ત્વિકતાને કામે લગાડતને કોઈ શક્તિ નહીં, સાત્ત્વિકતા કામ આવે છે.''

હિંમત ગયો; વિચારતો વિચારતો ગયો. કોણ જાણે શું થવાનું છે ! સ્વામીજીને શેની શંકા છે ?

એ રાતે સ્વામીજીના ખંડની પીળી બત્તીનો પ્રકાશ સવારના ચાર સુધી બુઝાયો નહીં.

સુરેન્દ્રનાથ સાથે હરિરાજસ્વામીએ સવારના ચાર સુધી વાતો કરી. રાત જેમ જેમ આગળ વધતી ગઈ અને વદ આઠમનો ચંદ્ર જેમ જેમ આકાશમાં ઊંચે ચડતો ગયો તેમ તેમ સ્વામીજીના એ સાધના ખંડની દીવાલો વચ્ચે બત્તીના પીળા ધીમા પ્રકાશમાં એ સાઠ વર્ષોની અને ત્રણ પેઢીની પૂરી કથાના તાણાવાણા ઉકેલાતા ગયા. ઘડીભર તો એવો આભાસ જન્મી જતો હતો કે પિતા મુખરામની જ કોઈ યુવાન પ્રતિકૃતિ એમની સામે બેસીને એ આખી વંશકથા દોહરાવી રહી છે. મુખરામના પુત્ર કુલજીત, કુલજીતનો પુત્ર જ્યોતિસ્વરૂપ અને એ જ્યોતિસ્વરૂપનો આ પુત્ર સુરેન્દ્રનાથ! વચ્ચે કુલજીત અને જ્યોતિસ્વરૂપની કડીઓ કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગઈ. સુરેન્દ્રનાથના કિસ્મતમાં અત્યારે દાદા કુલજીતના જ ઓરમાન ભાઈ હરિરાજસ્વામીને આ બધી વિલીન વંશકથા કહેવાનું આવ્યું હતું. દાદા કુલજીતના જ નાનાભાઈ એવા હરિરાજસ્વામી, ભલે સંન્યાસીના વેશમાં હતા પણ સુરેન્દ્રને મોંએ તો વારંવાર એમના માટે 'દદ્દુ' સિવાય બીજું કોઈ જ સંબોધન ચડતું નહોતું.

બધી વાતો થયા પછી સુરેન્દ્રનાથે પહેલાં તો પોતાની સૂટકેસ ખોલીને એમાંથી એક બ્રાઉન પેપરનું કવર કાઢ્યું, એમાં એક ફોટોગ્રાફ હતો : ''દદ્દુ !'' એણે પોતાના ગોળમટોળ મોં પરથી શ્વેતશ્યામ વાળનાં જુલ્ફાંને એક તરફ કરતાં કહ્યું : ''અબ પહલે તો આપ કો મૈં ઉન લોગોંસે મિલા દૂં જિનકી ખોજમેં આપ બારબાર જલંધર આયે ઔર ખાલી હાથ લૌટ ગયે. યે લીજિયે.''

ફોટોગ્રાફ શું હતો ! રસાયણની પોપડી પણ ઊખડવા માંડી હતી એવો કોઈ ઇતિહાસનો અવશેષ હતો ! અલબત્ત, એની ચમક બરકરાર હતી અને ફોટોગ્રાફરની ખૂબીને કારણે એની રેખાઓ એટલી બધી ધારદાર હતી કે એમાં દેખાતા ચહેરાને બોલતો કરવા માટે માત્ર એમાં પ્રાણ પૂરવાની જ જરૂર રહે, બાકી ચહેરા તો નજર સામે જીવંત વ્યક્તિ ઊભી હોય એવા જ. એમાં હતી એક વૃદ્ધા અને એનો વયસ્ક પુત્ર. એ જ હતી પિતા મુખરામજીની પહેલી

તરછોડાયેલી પત્ની અસંતોષ કૌર અને છતે બાપે નબાપો થઈ ગયેલો પુત્ર કુલજીતસિંગ. અલબત્ત આ ફોટોગ્રાફ તો મુખરામજીના ઘર છોડીને ગયા પછીનાં વર્ષોનો હશે. કારણ કે આ ફોટામાં એ અત્યંત વૃદ્ધ લાગતી હતી અને કુલજીત એકદમ પ્રૌઢ પુરુષ !

''દર્દું,'' સુરેન્દ્રનાથ બોલ્યો : ''યે ફોટો લિયા ગયા તબ મૈં તીન સાલકા થા. મુઝે બરાબર યાદ હૈ કિ યે પરદાદીજી કભી કિસી કેદ સામને આતી હી નહીં થીં. દાદા કે ઔર મેરે પિતા જ્યોતિસ્વરૂપ કે બહુત મિન્નતે કરને કે બાદ વો ફોટોગ્રાફર કે સામને આને કે લિયે રાજી હુઈ. વર્ના વો તો જીવનભર એક જોગન કી તરહ જીઈ. કભી કભી વો 'જલ જલ ભયી ભસ્મકી ઢેરી, અપને અંગ લગા જા જોગી, મત જા, મત જા જોગી', ભજન ગુનગુનાયા કરતી થીં. ઉનકા હંસના કમ ઔર ધ્યાનમેં બૈઠના જ્યાદા હોતા થા.'' *(ક્રમશઃ)* ■

## માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી *અને* માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા)

## હલ્દી દુધ યોજના

ગાયનું દુધ અને હલ્દી પાવડર જેવા ઔષધી ગુણ વડે કેન્સરગ્રસ્ત દર્દીઓની એસિડીટી, દવાઓની તીવ્ર ગરમી સામે રક્ષણ મળે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધે એવા આશયથી હલ્દી દુધ યોજના ચાલુ કરવામાં આવી છે. જેનો એક દિવસનો નકરો રૂ. ૭૦૦/- રાખવામાં આવ્યો છે. એવા સહૃદયી દિલેરદાતાઓની યાદી આ પ્રમાણે છે.

**સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. પરિંદાબેન રશ્મીકાંત ભેદા | સમાઘોઘા | માટુંગા | ૧,૫૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ❖ રશ્મી ઘીયા | | નેપીયન્સી રોડ | ૭૦૦/- |
| ❖ અલ્કા અતુલ દેસાઈ અને રેખા વોરા | | માલેગાવ | ૭૦૦/- |

## પ્રવાસ વર્ણન

# તુલજાપુર ભવાની મંદિર

તુલજા ભવાની મંદિર તુલજાપુરથી ૩૩૦ કિ.મી. ઉત્તરપૂર્વમાં માહુર ખાતે રેણુકા મંદિર, તુલજાપુરથી ૨૭૫ કિ.મી. દક્ષિણ પશ્ચિમમાં કોલ્હાપુર ખાતે મહાલક્ષ્મી મંદિર અને તુલજાપુરથી ૩૭૫ કિ.મી. ઉત્તર પશ્ચિમમાં વાણી ખાતે સપ્તશ્રૃંગી મંદિર સાથે મહારાષ્ટ્રમાં ચાર મહાન શક્તિપીઠો બતાવે છે.

ભારતમાં તુલજા ભવાનીના અન્ય મંદિરો પણ છે જેમાં ચિત્તોડગઢ કિલ્લો તુલજા ભવાની મંદિર જે ૧૫૩૭-૧૫૪૦માં તુલજાપુરથી ૯૬૭ કિ.મી. ઉત્તરમાં બંધાયું હતું. અને બીજું એનાથી ૧૦૦૦ કિ.મી. ઉત્તર પશ્ચિમમાં ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં પાટણલુવા ગામમાં આવેલું છે.

ભવાની એ દેવી દુર્ગાનું એક સ્વરૂપ છે જેની પૂજા મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન સમગ્ર ઉત્તર ભારત ઉત્તર કર્ણાટક, નેપાળ અને આંધ પ્રદેશમાં થાય છે.

કર્દમ નામના ઋષિ તેમના શિશુ બાળક સાથે 'અનુભૂતિ' નામની પત્ની સાથે રહેતા હતા. ઋષિના મૃત્યુ પછી તેમની પત્ની અનુભૂતિ તેમના બાળકની સંભાળ રાખવા માટે મંદાકિની નદીના કિનારે યમુનાચલ ટેકરી પર ભવાની નામે દેવી માટે તપસ્યા કરી. તપસ્યા કરતી વખતે બે રાક્ષસો જે સંયુક્ત રીતે મધુ-કેતામ તરીકે ઓળખાય છે. એમણે તેમની તપસ્યામાં ખલેલ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. એ દરમિયાન દેવી ભવાની અનુભૂતિની મદદ માટે આવ્યા અને રાક્ષસનો વધ કર્યો. તે દિવસથી દેવી ભવાની તુલજા ભવાની તરીકે જાણીતા થયા. દેવી તેમના પ્રિય ભક્તની પ્રાર્થનાથી બાલાઘાટ પર્વતમાળાના યમુનાચલ ટેકરી પર સ્થાઈ થયા જ્યાં ૧૨મી સદીમાં મંદિર બનાવવામાં આવ્યું.

મહારાષ્ટ્રના ઘણા મરાઠા કુળ માટે દેવી કુળદેવી છે. કદમ, ભોયે, ધનગર, માલી, ભરભૂજ, કોળી, ગવળી, સોનાર, લોનારી વગેરે સહિત ઘણી જાતિઓ માટે આ દેવી પૂજનીય છે - કુળદેવી છે.

ગ્રેનાઈટથી બનેલી ત્રણ ફૂટ ઊંચી દેવી ભવાનીની મૂર્તિ આઠ હાથ ધરાવે છે. જેમાં શસ્ત્રો છે અને માર્યા ગયેલા રાક્ષસનું માથું ધારણ કરે છે. સ્વયં પ્રગટ દેવીની સુંદર આકારની મૂર્તિ જોઈને ભક્તો નમન કરે છે જે સિંદુર, આભૂષણો અને શણગારથી શણગારેલી છે.

મંદિરમાં દેવી માટે વિસ્તૃત ધાર્મિક વિધિઓનો સમૂહ અનુસરવામાં આવે છે. જેમાં પૂજારીઓ દ્વારા દરરોજ ધાર્મિક સ્નાન, કપડાં બદલવાં અને દિવસમાં ચાર વાર ભોજન અર્પણ કરવાનો સમાવેશ છે. સાથે દિનચર્યામાં દેવીને ભક્તિમય પ્રાર્થના કરવાનો પણ નિત્યક્રમ છે. સાંજે એમને વિધિપૂર્વક વિદાય આપવામાં આવે છે.

શરદ નવરાત્રી ઉત્સવ અને દશેરા અને નવમા દિવસે દેવીના માનમાં બકરાનું બલિદાન આપવામાં આવે છે. યાત્રાળુઓનો ખાસ કરીને એક પૂજારી પરિવાર સાથે લાંબા સમયથી વંશપરંરાગત સંબંધ હોય છે. તેઓ યાત્રાળુઓને રહેવા, ભોજન, સાડીબ્લાઉઝના ટૂકડા, બંગડીઓ, નાળિયેર, સિંદુર, હળદર, ફૂલેલા ભાત, ફૂલની માળા અને પ્રસાદ જેવા ધાર્મિક પ્રસાદ પૂરા પાડીને યજમાન તરીકે સેવા આપે છે. પ્રસાદ શાકાહારી હોય છે. આ મંદિરના મુખ્ય પૂજારીઓ ૧૫૩ પાલિકર અને ભોયે કુળના છે જે યાત્રાળુઓને સેવા આપે છે.

આ મંદિરમાં જવા માટે સોલાપુર અને ઉસ્માનાબાદ નજીકના રેલવે સ્ટેશન છે. સોલાપુર ૪૫ કિ.મી. અને ઉસ્માનાબાદ ૨૫ કિ.મી. દૂર છે. ત્યાંથી મંદિર જવા માટે ટેક્સી અને બસની સેવા મળી રહે છે. ■


## અમો હૃદયથી આભારી છીએ

☛ **કોમ્પ્યુટર સર્વિસ** : રક્ષાબેન કીર્તિભાઈ (કોટડા) ★ ટ્રાયકોર્ન સિસ્ટમવાળા (દાદર)
☛ **સંસ્થાને લાગનારા સ્ટીકર** : ડાયમંડ સ્ટીકરવાળા દિનેશભાઈ ગોગરી (બિદડા)
☛ **બેનર અને એડર્વટાઈઝમેન્ટ** : ૧) બેનર હાઉસ – નરેશ દેઢિયા
૨) વિક્ટોરિયા ડિઝીટલ–જીતુભાઈ નાગડા (મોથારા)
☛ **ડાયરીઓ** : ગુડલક બુક ઈન્ડસ્ટ્રીઝ – વિસનજીભાઈ હંસરાજ દેઢિયા (ગઢસીસા)

વાનગી વિશેષ

# મસુરની આમટી - પુલાવ

- આશાબેન દસોંદી (માટુંગા)

**સામગ્રી :**

***આમટી માટે***

- ૧ કપ આખા મસુર
- થોડા કાજુના ટુકડા અને કીસમીસ
- ¹/₄ વાટકી આમલીનું પાણી
- ૨ ચમચી તેલ
- ૧ કાંદાની કાપેલી ચીરી
- ૧ ચમચો ગોળ
- મીઠું સ્વાદાનુસાર

***પુલાવ માટે***

- ¹/₄ વાટકી બાસમતી ચોખા
- ૧ કાંદાની લાંબી કાપેલી ચીરી
- ૧ નાનો ટુકડો તજ -૪ લવિંગ
- ૧ ચમચો ઘી
- ૨ ચમચા બાફેલા વટાણા
- મીઠું સ્વાદાનુસાર
- ¹/₂ ચમચી હળદર

***વાટવાનો મસાલો***

- ૨ ચમચી તેલ
- ૪ કળી લસણ
- ¹/₄ વાટકી શીંગદાણા
- ¹/₂ ચમચી હળદર
- ૨ ચમચી લાલ મરચું અથવા આખા લાલ મરચા
- ૧ કાપેલો કાંદો
- ૨ ચમચી તેલ
- ૨ ચમચા સૂકું કોપરું
- ૨ ચમચી આદુ-મરચાની પેસ્ટ

**રીત :** મસુરને ધોઈને આખી રાત પલાણી રાખવા. સવારના કુકરમાં ત્રણ સીટી વગાડી બાફી લેવા. મસાલો વાટવા - એક પેનમાં તેલ ગરમ કરી વારાફરતી એક પછી એક સામગ્રી નાંખી મસાલો સાંતળી લેવો. ઠંડો થાય પછી વાટી લેવો.

પુલાવ માટે : એક પેનમાં એક ચમચો ઘી લઈ એ ગરમ થાય એટલે તજ-લવિંગ, મીઠું, થોડી હળદર નાંખી બાસમતી ચોખા નાંખવા. બરાબર સાંતળી લેવા.

જોઈતા પ્રમાણમાં પાણી નાંખી ભાત તૈયાર કરવા. ચોખાને છુટ્ટા જ રાંધવા.

હવે એક પેનમાં થોડું ઘી લઈ કાંદાને સાંતળવા. કાંદા થોડા બ્રાઉન થાય એટલે વાટેલો મસાલો નાંખી સાંતળવું. પછી એમાં તૈયાર કરેલા ભાત અને બાફેલા વટાણા નાંખી સાંતળો સાથે કાજુ-કીસમીસ પણ નાખવા. આમ પુલાવ તૈયાર થશે.

આમટી માટે : પેનમાં તેલ લઈ એમાં કાંદાની કાપેલી ચીરી સાંતળવી. એ થોડી બ્રાઉન થાય એટલે એમાં વાટેલો મસાલો નાંખી સાંતળો. થોડું પાણી નાંખો પછી બાફેલી મસુર નાંખી હલાવો. સાથે ગોળ અને આમલીનું પાણી તેમ જ સ્વાદાનુસાર મીઠું નાંખો. જરૂર હોય તો થોડું લાલ મરચું નાખી શકાય. સાથે થોડા કાજુ કીસમીસ નાંખી આમટીને ઉકાળો.

સર્વ કરતી વખતે વચ્ચમાં પુલાવ મૂકી. આજુબાજુ આમટી નાંખી, કાજુ-કીસમીસ અને કોથમીરથી સજાવો.

આ સાથે થોડા બાફેલા મસુર પણ નાંખી શકાય.

■

# કવિતા

## થાય એટલું કરવાનું

પહેલાં તન તોડીને રળવાનું ને
પછી વિલ બનાવીને વહેંચવાનું!
આયખું આખું આમાં ખેચવાનું
એ પછી પાછું ક્યાંથી મળવાનું?
એના કરતાં, થાય એટલું કરવાનું.

પારિજાત ભરેલી રાત છું તો
સવારે નિશ્ચિત છે ખરવાનું
સમષ્ટિમાં નહીં પહોંચી વળાય
આપણાથી થાય એટલું કરવાનું.

એક ઈશ્વર - એક નિયંતા
શાને બીજાઓથી ડરવાનું?

ફરતું બ્રહ્માંડ, ફરતા નક્ષત્રો,
ને આપણે પણ મોજમાં જ ફરવાનું
ભીતર સ્થિર રહીને મહાલીએ
બહાર બીજાને નહીં નડવાનું
આપણાથી થાય એટલું કરવાનું.

મોજમાં રહેવાનું, જોશમાં જીવવાનું
ખાલી મોત આવે ને ત્યારે જ મરવાનું
જીવન જ અમૃત બને એમ ઠરવાનું
આપણાથી થાય એટલું કરવાનું.

આરોગ્ય ગંગા

# ખીચડી શરીરને બીનઝેરીકરણ (Detoxify) કરવાનું કામ કરે

ખીચડીને આરામદાયક ખોરાક (Comfort Food) કહેવામાં આવે છે. કારણ કે એ ફક્ત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક જ નહીં પણ શરીર અને મનને બંનેને સંતૃપ્ત કરનાર હોય છે. ખીચડીને આપણે અસંખ્ય રીતથી બનાવી શકીએ છીએ. એટલે આ લવચીકતા (Flexibility) એને દરેકના સ્વાદ અને સ્વાસ્થ્ય અનુસાર અનુકૂળ બનાવે છે. આયુર્વેદમાં તો ખીચડીના અનેક ફાયદા લાભ ગણાવવામાં આવ્યા છે.

(૧) **પચવામાં સરળ :** બીમારીમાં પાચક અગ્નિ નબળો પડી જાય છે. ખીચડીમાં ઉપયોગમાં લેવાતી મગની દાળ અને ચોખા સરળતાથી પચી જાય છે જેને કારણે શરીરને ઊર્જા મળે છે અને પાચન તંત્ર પર એનો ભાર પડતો નથી.

(૨) **ત્રિદોષને સંતુલિત કરે :** ખીચડી વાત, પિત્ત અને કફ આ ત્રણે દોષોને સંતુલિત કરવામાં મદદ કરે છે. ખીચડીની ગરમાહટ વાતને શાંત કરે છે. મુલાયમ બનાવટ પિત્ત માટે ઉપયુક્ત છે અને એની હળવાશ કફને સંતુલિત કરે છે.

(૩) **શરીરને ડી-ટોક્સ કરે :** શરીરમાં જમા થયેલા ઝેરીતત્ત્વોને નાબૂદ કરવામાં પણ ખીચડી મદદ કરે છે. એમાં નાખવામાં આવતું ઘી, આદુ-હળદર, જીરું જેવા મસાલા શરીરમાં રહેલા ટોક્સિન્સને કાઢવામાં મદદરૂપ થાય છે.

(૪) **ઊર્જા આપે :** મગની દાળથી પ્રોટીન મળે, ચોખા ઊર્જા આપે અને ઘીથી પાચનક્રિયામાં સહાય મળે. આ સંયોજન શરીરને આવશ્યક પોષણ પૂરું પાડે છે.

બીમારી દરમિયાન ખીચડી આદર્શ ભોજન છે. જે પચવામાં સરળ હોવાથી શરીરને આવશ્યક પોષણ મળે છે તેમ જ એમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી શરીરમાં રહેલા ઝેરને દૂર કરવાનું અને પાચન સુધારવાનું કામ કરે છે. એ

રોગપ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. ખીચડી ફક્ત બીમારી વખતે જ નહીં પણ સામાન્ય દિવસોમાં પણ એક ઉત્તમ ભોજન છે. ખીચડી એક કલાસીક વન પોટ મીલ છે. ચોખા, મગની દાળ, પાણી અને મસાલાઓને કુકરમાં નાખીને પકાવવામાં આવે છે. એમાં કાર્બોહાઈડ્રેટસ, વિટામિન્સ, ફાઈબર, પ્રોટીન બધું જ હોય છે. ઓછા સમયમાં તૈયાર થનારું આ એક સ્વાદિષ્ટ ભોજન છે. જેને ઘણાં લોકો કઢી સાથે પણ ખાય છે. કઢી સાથે સંપૂર્ણ આહાર બની જાય છે.■

## શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર

જઠરાગ્નિ જો તૃપ્ત ન હોય અને બહારગામથી આવેલા કેન્સરના દર્દીઓ અને સાથે આવેલ આપ્તજન પણ ભૂખ્યો તરસ્યો હોય તે સમયે કેન્સર સામે યુદ્ધ ન લડી શકાય. અને તેથી જ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ આવા નિરાશ્રિત દર્દીઓને દરરોજ બે સમયે શાક-રોટલી, મસાલા-ભાત, ફળ, હલ્દીવાળું દૂધ, સૂકું અનાજ વગેરે જરૂરિયાત પ્રમાણે આપે છે. આપ આમાં સહભાગી થવા **પાના નં. ૫ ઉપર** જણાવેલ બેંકમાં અનુદાન ભરી શકશો. **સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❈ જોશવા પ્રણવ પારેખના જન્મદિવસ નિ. | | | |
| હ. માલા રાજેશ પારેખ | | સાયન | ૨૬,૦૦૦/- |
| ❈ ઉર્મી શિલ્પેશ ઘરોડ | પત્રી | મુલુંડ | ૧૫,૦૦૦/- |
| ❈ ગજરાબેન આર. પટેલ | | મલાડ | ૧૪,૫૦૦/- |
| ❈ ગીતા રમેશ ગાલા | દેશલપુર | હૈદ્રાબાદ | ૭,૫૦૦/- |
| ❈ રામરાય એન. દેસાઈ અને હંસાબેન આર. દેસાઈની પુણ્યતિથિ નિ. | | | |
| હ. પ્રીતી દેસાઈ | | બોરીવલી | ૭,૦૦૦/- |
| ❈ કિયાંશ કૈલાશ વાઘેલાના જન્મદિવસ નિ. | | | |
| હ. કૈલાશ ધનજી વાઘેલા | | નેરૂલ | ૭,૦૦૦/- |
| ❈ અનન્યા સી. શાહ | | | |
| હ. સમીર ચંદ્રવદન શાહ | | વાલકેશ્વર | ૭,૦૦૦/- |
| ❈ કાલિંદી રાજેન્દ્ર શાહ | | નેપીયન્સી રોડ | ૭,૦૦૦/- |
| ❈ સુનિતા ભુપેન્દ્ર પરીખ | | તારદેવ | ૫,૦૦૦/- |
| ❈ અશોક એમ. મોદી | | કાંદિવલી | ૪,૦૦૦/- |
| ❈ અનિલ કિશોરલાલ પાટોડિયા | | વડાલા | ૪,૦૦૦/- |
| ❈ ધ્રુવી દિનેશ ગોસર | | ચુનાભઠ્ઠી | ૪,૦૦૦/- |
| ❈ નેહા હેમંત શાહ | | મુલુંડ | ૪,૦૦૦/- |

# દીપાવલીનો સાચો મર્મ

**- હેમાબેન વીરા** *(ગામ-બેરાજા)*

દિવાળી એ પ્રકાશનું પર્વ છે ને ચોપડા પૂજનનો દિવસ. સમગ્ર વર્ષનું સરવૈયું કાઢવાનો દિવસ. આ દિવસે માનવીએ પણ જીવનનું સરવૈયું કાઢવું જોઈએ. રાગ, દ્વેષ, વેર ઝેર, ઈર્ષા, મનસા કે જીવનમાંથી કટુતા દૂર કરી નવા વર્ષના દિવસે પુરાંતમાં પ્રેમ, શ્રદ્ધા અને ઉત્સાહ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.

દીપાવલી આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારના સૌંદર્યનો ઉત્સવ છે. જ્યાં હંમેશા પ્રકાશ હોય, આશા અને ઉમંગ હોય ત્યાં ઉત્સવ જ હોય છે. જ્યારે લોકો સામુહિક રૂપે પ્રકાશ પ્રગટાવે ત્યારે સર્વત્ર સૌંદર્ય વિખરાય છે. ઘેર ઘેર દીવાઓની હારમાળા આપણા મનને પણ પ્રકાશથી ભરી દે છે. દીપાવલી અંતરના અંધકારને દૂર કરી તેને પ્રકાશથી ભરી દેવાનો તહેવાર છે. દીપાવલી પર પ્રગટાવવામાં આવતા દીવા પર્વશાહી બની જાય છે. પર્વનો વિશાળ અર્થ એ છે કે આપણી સ્મૃતિના હજારો તાર ઝણઝણી ઊઠે. મન આનંદ તથા ઉલ્લાસથી ભરપૂર બને અને સર્વત્ર સૌંદર્ય વેરાયેલું જણાય.

દીપાવલી આપણા મનને ઉલ્લાસથી ભરી દે છે. સૌંદર્યનું પ્રતીક છે તે સહૃદયતા અને એકતાની ભાવનાને જાગૃત કરવાનો તહેવાર છે. તે બધાના આનંદને જોડે છે. એક દીવાથી બીજો દીવો સળગાવતા બે દિવેટ એકબીજા સાથે મળે છે. દિવેટ સ્નેહથી મુક્ત હોવી જોઈએ. સ્નેહ વગર પ્રકાશની કલ્પના કરવી અશક્ય છે. આજના યુગના સર્વત્ર નકારાત્મક સંવેદનહિનતા જોવા મળે છે. આવી સ્થિતિમાં સ્નેહની વિશેષ જરૂર છે ને હતી. વાતાવરણમાં જીવંત અને પ્રાણવાન બની જાય છે એ જ વાસ્તવમાં જીવન જીવવાની કળા છે.

દીપાવલી સમાજ અને વ્યક્તિના જીવનમાં નવી પ્રેરણા ભરી દે છે. આપણી ઋષિ સંસ્કૃતિ જીવનમાં મુશ્કેલીઓ તથા સંઘર્ષની વચ્ચે પણ ઉલ્લાસમાં જીવન જીવવાનો બોધ આપે છે.

ધર્મ, જાતિ, લિંગ, પ્રાંત બધા ભાષાની દિવાલો તોડીને લોકોએ વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને સર્વાંગી વિકાસના પ્રયત્નો કરવા જોઈએ. જ્યાં વિનાશ હોય ત્યાં વિકાસ શક્ય નથી. શહેરો તથા ગામડાઓનો વિકાસ થવું જરૂરી છે. એનાથી નૂતન ભવિષ્યનું સર્જન થઈ શકશે. શહેરોમાં માનવીય સંબંધો જળવાઈ રહે તે જરૂરી છે.

ઔદ્યોગીકરણ આજે એક મોટો પડકાર બની ગયો છે. દીપાવલીના નૂતન પ્રકાશમાં આ બધી સમસ્યાઓનું સમાધાન શોધવું જરૂરી છે. દીપાવલી મહોત્સવ વખતે આપણે બધી બાબતોનો વિચાર કરવો જોઈએ. આપણા જીવનમાં કે સમાજમાં મોટું પરિવર્તન ન થઈ શકે તો નવસર્જન માટે નાના નાના પ્રયાસો કરતા રહેવું જોઈએ, એના દ્વારા જ નવા યુગનું સર્જન થઈ શકશે.

દિવાળી સર્જનાત્મકતાનું પર્વ છે. દિવાળીનો પ્રકાશ સમાજના દરેક ક્ષેત્રમાં ફેલાવવો જોઈએ. દીપાવલી પરિવર્તન, પ્રકાશ, સૌંદર્ય તથા સમવન્યની પ્રેરણા આપે છે. અંધકારને દૂર કરવામાં એક નાનકડો દીવો પણ બહુ મહત્વની ભૂમિકા ભજવે છે. સમાજમાં નાના નાના પ્રેરણાત્મક કાર્યો કરતા લોકોને પણ સન્માન આપવો જોઈએ. નાના લોકોની ઉપેક્ષા ન કરવી જોઈએ. દિવાળી આપણને દ્વેષની ભાવનાનો ત્યાગ કરીને સર્વત્ર પ્રેમના પ્રકાશ ફેલાવવાની પ્રેરણા આપે છે.

દીપાવલીના સાચા મર્મને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. સૂરજની ગેરહાજરીમાં નાનકડો દીવો પણ પોતાની પૂરી શક્તિથી પ્રકાશ ફેલાવીને અંધકારને દૂર કરે છે એવી રીતે સમાજમાં નાના નાના મનુષ્ય પણ પોતાની શક્તિ, સાધના તથા સમયનો ઉપયોગ જો સમાજમાં પ્રકાશ ફેલાવવા માટે કરે તો યુગપરિવર્તન થતા વાર નહીં લાગે. દીપાવલી આપણી અંદર સર્જનની શક્તિ અને પ્રકાશ ફેલાવી દે છે. ભારતે જ્ઞાનરૂપી પ્રકાશની સાધના કરીને સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો પ્રકાશ ફેલાવ્યો છે. આપણે આપણા દ્રષ્ટિકોણને સકારાત્મક બનાવવો જોઈએ. દીવો નવસર્જનનો પ્રતીક છે. આપણે દીપાવલી પર્વ પર પોતાની અંદર નવસર્જનનો દીવો પ્રગટાવવો જોઈએ. જેથી આપણું પોતાનું જીવન પ્રકાશિત થાય તથા સમગ્ર રાષ્ટ્રને પણ પ્રકાશના માર્ગે વધારી શકીએ.... અસ્તુ

મારા વહાલા વાચકોને દીપાવલીના ખૂબ ખૂબ અભિનંદન... સાલ મુબારક. ■

## શ્રી જલારામ અન્નદાનક્ષેત્ર : પંચ વર્ષીય મીતી યોજના

| નામ | એરીયા | રૂપિયા |
|---|---|---|
| ❖ ભારતી શાહની પુણ્યસ્મૃતિ નિ. | | |
| હ. જસવંતલાલ વલ્લભદાસ શાહ | ઘાટકોપર | ૧૮,૦૦૦/- |
| ❖ મહેન્દ્ર એસ. મહેતા | પૂને | ૧૮,૦૦૦/- |

**પ્રેરક વાર્તા**

# મનની મોટાઈ

આ વર્ષે મે મહિનામાં ગજબની ગરમી પડતી હતી. સૂર્યદેવ જાણે કોપાયમાન થયા હોય એવું લાગતું હતું. ધોમધખતા તાપમાં ભરબપોરે સામાન ભરેલી પગરીક્ષા ચલાવવી એ કેવું કામ હતું એ તો ઠાકોરનું મન જ જાણતું હતું. વારંવાર માથે બાંધેલ ફાળિયાના પેડલ લગાવ્યે જતો હતો. ભલે એ યંત્રવત રીક્ષા ચલાવ્યે રાખતો હતો પણ એનું ચિત્ત તો ઘરે તાવમાં શેકાતા એના એકના એક દીકરા મુન્નામાં હતું.

ત્રણ દીકરી પર જન્મેલો મુન્નો બે મહિનાનો થયો ત્યાં સુધી તો બધું બરાબર ચાલતું હતું. પણ છેલ્લા ચાર દિવસથી આવેલો તાવ કેમેય જવાનું નામ નહોતો લેતો. ચિંતાતુર સવિતા ખાવા-પીવાનું, ઉંઘવાનું બધું ભૂલીને દીકરાને ખોળામાં લઈને બેસી રહેતી. આજે જ્યારે ઠાકોર રીક્ષા લઈ નીકળતો હતો ત્યારે આંખોમાં તગતગતા આંસુ સાથે એણે કહ્યું હતું, ‘‘ધર્માદા દવાખાનાની મફત દવાથી તસુભાર ફરક નથી પડતો. હવે તો કોઈ સારા દાક્તરને બતાવીને પૈસા આપીને દવા નહીં લાવીએ તો... આગળ શબ્દો એના ડૂસકામાં દબાઈ ગયા હતા.

આ માલ પહોંચાડીને મજૂરીના પૈસા આવે એટલે આજે તો મુન્ના માટે દાક્તર પાસે જવું જ છે. રીક્ષા ચલાવતી વખતે પણ દીકરાની માંદગી યાદ આવી જતાં એનું ગળું સુકાતું હતું. પાણીનો શોષ પડતો હતો પણ બીજું કંઈ પણ વિચાર્યા વગર એ પેડલ માર્યે જતો હતો. જમણી બાજુની ગલી પસાર કરું ત્યાં દાદાની વખાર આવી જશે. માલ ઉતારી મજૂરી લઈ ફટાફટ ઘરે પહોંચી જઈશ. ઢાળ પરથી રીક્ષા ઉતારવા જાય છે ત્યાં રીક્ષાની ચેન ઉતરી ગઈ. ઠાકોર ગમે તેટલી બ્રેક મારવા ગયો પણ બ્રેક લાગી નહીં. બપોરના સમયે સૂમસાર પડેલી શેરીમાં મદદ કરવા પણ કોણ આવે? નિયંત્રણ વિનાની રીક્ષા ઢાળ પરથી ઉતરીને ધડામ દઈને પડી. સામાનના કોથળા એક બાજુ અને રીક્ષા બીજી બાજુ. એ પછી ઠાકોરે જે દૃશ્ય જોયું એનાથી એ ધ્રૂજી ઊઠ્યો. અચાનક ગબડી પડેલી રીક્ષા નીચે બે મરઘીઓ છુંદાઈ ગઈ હતી. એમનાં રંગબેરંગી પીછાં હવામાં ઊડી રહ્યા હતા.

માર્યા ઠાર! આ મરઘીઓ કોની હશે? એમનો માલિક નુકસાની ભરપાઈ કર્યા વગર નહીં છોડે. હવે શું કરવું? પણ એણે જોયું કે આટલો અવાજ થવા છતાં કોઈ

ડોકાયું નહોતું. ઊંધી પડેલી રીક્ષાને સીધી કરી એને ચેન ચઢાવી, પડી ગયેલા કોથળા ઉપર મૂક્યા અને રીક્ષા મારી મૂકી. ક્યાંક પકડાઈ તો નહીં જવાય ને એવી બીકથી એના હાથપગ કાંપતાં હતા.

એને જોઈને દાદાએ પૂછ્યું, ''કેમ તારો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયો છે! જોકે ગરમી પણ ગજબની છે. લે ઠંડુ પાણી પી.'' પાણી પાઈને એના મજૂરીના પૈસા આપ્યા એ લઈ ઠાકોર તરત ભાગ્યો. અકસ્માતની જગ્યા આવી એ પહેલાં એણે દૂરથી જોયું ત્યાં ટોળું ભેગું થયું હતું અને લોકો એક ડ્રાઇવર પર ગુસ્સે થતા હતા. ગરીબ વિધવાની મરઘીઓ મારી નાખી. શરમ નથી આવતી? પાછો મોટો લાટસાહેબ થઈને ફરે છે તે દેખાતું નથી?'' ડ્રાઈવર બે હાથ જોડીને કહેતો હતો, ''મારું માનો, મારો કોઈ કસુર નથી. મરઘીઓ મારી ગાડી નીચે આવીને નથી મરી.'' ઠાકોરે જોયું લોકો ડ્રાઈવર જોડે માથાકૂટ કરવામાં રોકાયેલા છે. એણે બાજુમાંથી રીક્ષા કાઢવા માંડી ત્યારે એને કાને વાત પડી. ''બિચારી ઝુબેદા ! ધણી ગુમાવ્યા પછી માંડ માંડ ઈંડા વેચીને બે છોકરાઓ સાથે ગુજારો કરતી હતી હવે એ શું કરશે!'' ઠાકોર ઘરે પહોચ્યોં ત્યાં સવિતા એને જોઈ ચોધાર આંસુએ રડી પડી, ''મુન્નાનો તાવ જરા પણ ઉતરતો નથી. નક્કી આપણે કોઈના નિસાસા લીધા હશે. નહીંતર આવું ન થાય. એ ઘડીક ચૂપચાપ મુન્નાને માથે હાથ ફેરવતો રહ્યો. પછી અચાનક જ ઊભા થઈને એણે કહ્યું, ''હું થોડીવારમાં બહાર જઈને આવું છું પછી મુન્નાને દાક્તર પાસે લઈ જઈએ.

એ ઝુબેદાના ઘરે પહોંચ્યો. ગમગીન ચહેરે ઝુબેદા માટીની હાંડીમાં કડછી ફેરવી કશુંક પકાવી રહી હતી. આને જોતાં નવાઈ પામી એણે પૂછ્યું, ''શું વાત છે? કંઈ કામ છે?'' બે ડગલાં આગળ આવી ઠાકોરે કહ્યું, ''મારે ગુનાની કબૂલાત કરવી છે.'' કંઈ ન સમજતાં ઝુબેદા ગુંચવાઈ. ''બહેન, મારો ગુનો ને સજા મારો દીકરો ભોગવી રહ્યો છે. તમારી મરઘી મારી રીક્ષા નીચે આવીને મરી ગઈ છે.'' ઝુબેદા સ્તબ્ધ બનીને જોઈ રહી. શું બોલવું એ કંઈ સમજાયું નહીં. એ હજી કંઈ વિચારે એ પહેલાં ઠાકોરે ખિસ્સામાંથી પૈસા કાઢી એને આપતાં કહ્યું, ''આ મારી આજની કમાણીના સીત્તેર રૂપિયા છે. એમાંથી ચાલીસ રૂપિયા તમને આપી, ત્રીસ મારી પાસે રાખું? મારા દીકરાને દાક્તરને બતાવવા જવું છે. ધીમે ધીમે બીજા પૈસા

તમને ચૂકવી દઈશ.'' ઝુબેદાએ એનો હાથ પાછો ઠેલતાં કહ્યું, ''તમને, મને કે મરઘીઓને દરેક જીવોને ધરતી પર મોકલનાર ખુદા છે અને એને પાછો લેનાર પણ એ જ છે. તો પણ કહી દઉં કે મેં તમને માફ કર્યા છે એટલે સમજજો કે ખુદાએ તમને માફ કર્યા છે.'' ધ્રુજતા હાથે ઠાકોરને પાછા ફરતાં ઝુબેદા બોલી, ''દીકરાની બરાબર દવા કરશો. એ સારો થઈ જાય પછી જરૂરથી એને લઈ મારે ઘેર આવજો.''

ઠાકોરની આંખોમાંથી ટપટપ પડી રહેલાં આંસુથી રૂપિયાની નોટ ભીંજાઈ રહી.■

## માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા)ના સૌજન્યથી

# જીવદયા

- રૂા. ૪,૮૯,૪૦૩/– રૂપિયાની દવાઓ અબોલ પ્રાણીઓ માટે વાપરવામાં આવી.
- મુંબઈમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર અકસ્માત નડતા ૧૯ પશુ–પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા.

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| કાલિંદી રાજેન્દ્ર શાહ | | નેપીયન્સી રોડ | ૮,૦૦૦/- |
| માતુશ્રી વાસંતી કાંતિલાલ ગડા પરિવાર | કોડાય | મુલુંડ | ૬,૦૦૦/- |
| ભાનુમતી હરખચંદ છેડા હ. ઉમેશ હરખચંદ છેડા | | મુલુંડ | ૫,૦૦૦/- |
| રૂષભ ગિરીશ શાહ | | માટુંગા | ૫,૦૦૦/- |
| આરહા હિરલ ગાલા (ફરાદ્રી) હ. વૈશાલી છેડા | રાયણ | ચોપાટી | ૫,૦૦૦/- |
| સુનિતા ભુપેન્દ્ર પરીખ | | તારદેવ | ૫,૦૦૦/- |
| લોપા અજય મહેતા | | કાંજુરમાર્ગ | ૪,૦૦૦/- |
| અશોકકુમાર જતનસિંઘજી મહેતા | | પરેલ | ૩,૫૦૦/- |
| નિલેશ મનસુખલાલ દોશી | | પૂને | ૨,૫૦૦/- |
| સુરજબેન ડી. દેસાઈની પુણ્યતિથિ નિ. હ. પ્રીતી દેસાઈ | | બોરીવલી | ૨,૦૦૦/- |
| ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |

જીવન દ્રષ્ટિ

# આપણા જીવન પ્રતિ જનસમાજની ધારણાઓ

**– પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**

એક કલાસમાં એક વિદ્યાર્થીને મજાક સૂઝી. તેણે પોતાના મિત્ર વિદ્યાર્થીની પીઠ ઉપર એક કાગળ ચોંટાડી દીધો જેના ઉપર લખ્યું હતું, ''હું મૂર્ખ છું'' અને બધા વિદ્યાર્થીઓને ચૂપ રહેવા કહ્યું. બધા વિદ્યાર્થીઓ ધીરે ધીરે હસવા લાગ્યા.

થોડીવાર પછી ગણિતના શિક્ષિકા આવ્યા. તેમણે બોર્ડ ઉપર એક પ્રશ્ન લખ્યો, જેનો જવાબ તે જ વિદ્યાર્થી જાણતો હતો કે જેની પાછળ ઉપર પ્રમાણે લખ્યું હતું. તે વિદ્યાર્થી આગળ આવ્યો અને તેણે પ્રશ્નનો સાચો ઉત્તર લખી દીધો. શિક્ષિકાએ બધાને તાળી પાડવા કહ્યું અને કાગળ પણ કાઢી નાખવાની આજ્ઞા કરી.

શિક્ષિકાએ કહ્યું, ''તમને બધાને સજા આપીશ પણ તે પહેલાં હું તમને બે વાત સમજાવીશ.''

(૧) જીવનમાં લોકો શું કહેશે તેની ઉપેક્ષા કરી, પ્રત્યેક અવસરનો લાભ લઈ સારું શીખવું, આગળ વધવું અને પ્રગતિ કરવી.

(૨) તમારા જીવનની પ્રગતિ દરમ્યાન સમાજ ખોટા આળ મૂકશે અને અયોગ્ય શબ્દો કહી, તમારા વિકાસને રુંધવાનો પ્રયત્ન કરશે, તેથી ડરવું નહીં અને પ્રત્યેક સમયે જાગૃત રહી સત્યનિષ્ઠાથી એકલા આગળ વધતા જ રહેવું. મહાપુરુષો પ્રેરણા આપે છે –

*''તૂ આગે બઢે જા, આફત સે લડે જા,*
*આંધી હો યા તૂફાન, ફટતા હુઆ આસમાન;*
*રુકના તેરા કામ નહીં, ચલના તેરી શાન,*
*ચલ ચલ રે નૌજવાન.''*

બોધ :- સાધકને મહાપુરુષો – સદ્‌ગુરુ આ જ પ્રમાણે પ્રેરણા આપે છે:-

*''હાથી ચલત હૈ અપની ગતમેં, કૂતર ભૂક્ત વાકો ભૂંકવા દે,*
*કહત કબીરા સૂનો ભાઈ સાધો, નરક પચત વાકો પચવા દે,*
*તું તો રામ સુમિર જગ લડવા દે.''* ■

# ઉખાણાં

૧. તમે આવતા હતા, અમે જતા હતા, અમને દેખીને તમે રોઈ શું પડ્યા?

૨. નાનેથી મોટો થાઉં, મોટે થી નાનો થાઉં,
દિવસે દિવસે મોટો થાઉં, દિવસે દિવસે નાનો થાઉં

૩. રાતમાં રહું છું પણ દિવસમાં રહેતો નથી,
દીવો કરો તો દીવા પાછળ સંતાઈ જાઉં છું, પણ એની ઉપર રહેતો નથી.

૪. કોઈ આપે છે, કોઈ ખાય છે, ખાવા અને આપવા છતાંય એ કોઈને પસંદ નથી.

૫. લુચ્ચાનો સરદાર અને પાખંડનો છે પીર જનાવરનો જમાદાર, શિકારે શૂરવીર.

૬. વધ્યા કરે કાયમ, ક્યારેય એ ઘટતી નહીં,
દર વર્ષે એ આવે ત્યારે ગમતું છતાંય ગમતું નથી.

૭. પાળીતો છું પણ કૂતરો નથી, નકલ કરું છું પણ વાંદરો નથી.

૮. ન તો મને દાંત છે, ન તો મને મોઢું,
નવો નવો સજાવી લો તોયે બટકું ભરી લઉં છાનું માનું.

૯. ચોટી પણ છે અને પગ પણ છે મને તોયે,
મારી જગ્યા પરથી હાલતો નથી એવો અચલ છું હું.

૧૦. વીસ જણાનાં માથાં કાપ્યાં તોયે ન લોહી નીકળ્યું, ન તો ખૂન કર્યું.

૧૧. જલીને બને ને જલમાં રહે, આંખોને જોઈ ખૂસરો કહે,
જલીને બનતો તોયે નીર ઉતારે, ને જલમાં રહી સુંદરતા વધારે.

૧૨. ફાટું છું પણ કપડું નથી, ફાટું ત્યારે અવાજ કરતું નથી.

**જવાબો :**

| | | | |
|---|---|---|---|
| ૧. ધુમાડો | ૨. ચંદ્ર | ૩. અંધારું | ૪. ગુસ્સો ને માર |
| ૫. શિયાળ | ૬. વય (આયુ) | ૭. પોપટ | ૮. બૂટ |
| ૯. પર્વત | ૧૦. નખ | ૧૧. કાજળ | ૧૨. દૂધ |

*ડિઝાઈનીંગ અને ટાઈપસેટીંગ* : **સમીર પારેખ, ક્રિએટીવ પેજ સેટર્સ,** ગોરેગામ, મુંબઈ

# તસ્વીર બોલે છે જીવન જયોત વૃદ્ધાશ્રમની



જીવન જ્યોત વૃદ્ધાશ્રમમાં બિમાર વડિલો
લહેજતદાર ભોજનનો આનંદ માણી રહ્યા છે.



જીવન જ્યોત વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલોની મુલાકાત લઈ
શાળાના વિદ્યાર્થીઓ ભાવવિભોર બની ગયા.

RNI. MAHGUJ/2008/39251 Post Reg. MCE/163/2024-26.
Licence to Post Without Prepayment No. MR/TECH/WPP-185/EAST/2024-26.
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai- 400 001
Published and Posting on 15th of every month.



To,




## તસ્વીર બોલે છે કફન-દફન પ્રવૃત્તિની




કેન્સરગ્રસ્ત દર્દીની સારવારના મોટા ખર્ચને પહોંચી ન વળતા પરિવારજન પોતાના સ્વજનને હોસ્પિટલમાં એકલા અટૂલા મૂકીને જતા રહે છે, એવા દર્દીના અંતિમ સમયે જીવન જ્યોત સંસ્થા દ્વારા નિઃશુલ્ક કફન-દફન વિધિ કરવામાં આવે છે.

Printed, Published, Edited & Owned by - **Mr. H. K. Savla,** Published from **Jeevan Jyot Cancer Relief & Care Trust,** 3/9, Kondaji Chawl, Jerbai Wadia Road, Near Tata Hospital, Parel, Mumbai - 400 012. & Printed at **P. H. Printer,** 18-P, D. L. Jain Compound, Opp. Voltas Ltd., 64, Dr. B. A. Road, Chinchpokli (E), Mumbai 400 012 ***Editor*** : **H. K. Savla**